No Pages to Display

# બાળવાર્તા

## ભાગ પહેલો

સંપાદક : **ગિજુભાઈ**
ચિત્રકાર : **સોમાલાલ શાહ**

: પ્રાપ્તિસ્થાન :

**સંસ્કાર સાહિત્ય મંદિર**

પ્લોટ નં. ૧૯૨૫, રૂપાણી દીવડી પાસે,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

પ્રકાશક
વિમુબેન બધેકા
દક્ષિણામૂર્તિ, બાલમંદિર
ભાવનગર.

કિંમત ૧૪૦/-

પ્રથમ મુદ્રણ : સપ્ટેમ્બર, ૧૯૨૯
પુનર્મુદ્રણ - માર્ચ - ૧૯૯૮

મુદ્રક
સુમિત પ્રિન્ટર્સ
ડી. એસ. પી. ઓફિસ પાસે,
કાશીવિશ્વનાથ મંદિરની બાજુમાં,
ભાવનગર - ૩૬૪ ૦૦૧.

**મારા ભાઈબંધોને**

કાં દોસ્તારો ? બાળવાર્તાઓ કેવીક વાંચી ? કોઈક વાર કહો તો ખરા કે કેવીક ગમી ? તમે તો ચોપડીઓ લીધા કરો છો ને વાંચ્યા કરો છો, ચોપડીમાંથી ઊંચું માથું કરીને જરા વાત તો કરો ? કહો જોઈએ. હવે વધારે વાર્તાઓ જોઈશે ? એક દેશની કે દેશદેશની ? બાળવાર્તાઓ જોઈએ કે કિશોરકથાઓ ? નાની વાર્તાઓ કે મોટી મોટી ? ચિત્રોવાળી કે ચિત્ર વિનાની ? કહો કહો, માત્ર વાંચ્યા શું કરો છો ?

— ગિજુભાઈ

# નવી આવૃત્તિની ખુશાલી અને આનંદ

લગભગ સિત્તેર વર્ષ પહેલાં દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં સ્વ. ગિજુભાઈએ ખૂબ જ પ્રસિદ્ધિ પામેલ બાળવાર્તાઓ લખેલી ને દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર તરફથી પ્રગટ કરવામાં આવેલી. સૌરાષ્ટ્ર - ગુજરાત અને ભારતભરમાં - આફ્રિકામાં જયાં જયાં ગુજરાતી કુટુમ્બો વસે છે ત્યાં સૌએ આ વાર્તાઓને આવકારી અને આજે પણ આટલા વરસે તેની માગણી સતત રહ્યા કરી છે.

વાચકોની માગણીને લક્ષમાં લઈને બાળવાર્તાઓ ભાગ ૧ થી ૫ ની નવી આવૃત્તિ (ગુજરાતના પ્રસિદ્ધ કલાગુરુ સ્વ. સોમાલાલ શાહના અસલ ચિત્રોવાળી) પ્રગટ કરતાં અમને સૌને ખૂબ આનંદ થાય છે. મા-બાપો તેમજ બાલશિક્ષક ભાઈ-બહેનોની માગણી આથી સંતોષાશે એવી આશા રહે છે.

શિક્ષણ વધ્યું છે - ગામડાંઓમાં પણ જરૂરિયાત મુજબ બાલમંદિરો થતાં જાય છે; આને કારણે ગિજુભાઈના લખેલા પુસ્તકોની સતત જરૂરિયાત અને માગ રહ્યા કરે છે. પચીસ ત્રીસ વર્ષથી અને ખાસ કરીને સ્વ. ગિજુભાઈ શતાબ્દિ સમયથી (૧૯૮૨) ભાવનગરની જાણીતી પ્રકાશન સંસ્થા સંસ્કાર સાહિત્ય મંદિર તરફથી ગિજુભાઈના લગભગ તમામ પુસ્તકો પ્રગટ થતા રહ્યા છે. જે આજદિન સુધી સૌને મળ્યા કર્યા. હાલ કેટલાક પુસ્તકો અપ્રાય થયા છે તે સગવડ મુજબ ફરી છાપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. જે યથા સમયે પ્રગટ થશે.

બાલવાર્તાઓની આ નવી આવૃત્તિ (માર્ચ - ૧૯૯૮માં છપાયેલી) આપ સૌ ખરીદશો ને આપના પાડોશમાં તેમજ મિત્રવર્તુળમાં આની જાણ કરશો જેથી તેઓ પણ લાભ ઉઠાવી શકે.

**માર્ચ – ૧૯૯૮** **પ્રકાશક**

# ઉપકાર

બાળવાર્તાઓને દસ વર્ષ પહેલાં સગ્રહવા માંડેલી. સંગ્રહ થયો તેના પાંચ ભાગ બહાર આવ્યા, એના યશભાગી એક નહિ પણ અનેક છે. શેરીની છોકરીઓનો ને આડોશીપાડોશી ડોશીઓનો પહેલો ઉપકાર; મોંઘીબેન, સૌ. જડી, નર્મદાબેન, મનુભાઈ, કમળાબેન, રામભાઈ, હેમુભાઈ, વગેરે ભાઈબહેનોનો બીજો ઉપકાર; ઈતર ભાષાઓમાંથી વાર્તાઓ આપનાર તારાબેન, રામુભાઈ, નાનાભાઈ, એમનો પણ ઉપકાર તો ખરો જ. ત્યારે સૌનો ઉપકાર.

પાંચ ભાગ બાળકોને બહુ ગમ્યા; અને એટલું જ મારે જોઈતું હતું. શિક્ષકોએ પણ તેનો સારો ઉપયોગ કર્યો; મારી આશા એવી પણ હતી.

જૂના સંગ્રહોમાં ક્રમ ન હતો. વાર્તાઓ જેમ જડતી ગઈ તેમ છપાતી ગઈ. આ વખતે સંગ્રહોમાં ક્રમ મૂકવામાં આવ્યો છે. પાંચ શ્રેણીમાં બધી વાર્તાઓને શ્રીમતી તારાબેને વિભાગી નાખી છે. બાળકો અને શિક્ષકો બન્નેને હવે વધારે સુગમતા પડશે. ચાલો, તારાબેનનો પણ ઉપકાર માનીએ.

કોઈ વાર્તાઓ લાવી આપે, કોઈ એનો ક્રમ કરી આપે, કોઈ એનાં ચિત્રો કરી આપે, શ્રી મણિભાઈ જેવા કોઈ એને છપાવી આપે અને કાકા એની પ્રસ્તાવના લખી આપે; એમાં મેં શું કર્યું તે મારું નામ છપાય?

**સપ્ટેમ્બર, ૧૯૨૯** — **સંપાદક**

# શિક્ષક ભાઈબહેનોને

લ્યો આ બાળવાર્તાઓ. તમે તે બાળકોને કહી સંભળાવજો. બાળકો હોંશે હોંશે વારંવાર તે સાંભળશે. જોજો, વાર્તાઓ સુંદર રીતે કહેજો; વાર્તા કહેવાની ઢબે કહેજો; લહેકાથી કહેજો; રસથી કહેજો.

કોઈ કોઈ વાર વાર્તાઓ વાંચી પણ સંભળાવજો. જેવડાં બાળકો હોય એવી વાર્તા પસંદ કરજો. વાર્તા ભાવથી અને છટાથી વાંચજો.

પણ ભાઈ ! એક વાત ના કરતા. વાર્તાઓ બાળકોને ગોખાવશો નહિ; તેમની પાસેથી કઢાવશો નહિ; પરીક્ષાને માટે તેમને તે ભણાવશો નહિ.

તમે જાતે જ અનુભવજો કે વાર્તાઓ કેવી જાદુઈ લાકડી છે. તમારે બાળકો સાથે પ્રેમ બાંધવો હોય તો વાર્તાથી પગ માંડજો. તમારે બાળકોની અભિમુખતા સાધવી હોય તો વાર્તા પણ એક સાધન છે.

મોટા પંડિત થઈને વાર્તા કહેશો નહિ.; જ્ઞાન આપવા બેસશો નહિ; તટસ્થ રહેશો નહિ. વાર્તામાં તમે પોતે નહાજો અને બાળકોને નવડાવજો.

— ગિજુભાઈ

# પ્રસ્તાવના

શહેરના લોકોને વનભોજન કરવામાં મોટો આનંદ આવે છે. શહેરની બહાર દૂર કોઈ પણ એક બગીચામાં બધા ભેગા થાય છે, ચૂલો બનાવી શકાય એવા ત્રણ પથરા ગોતી કાઢે છે, ઝાડ નીચેના લાકડાના સૂકા કટકા એકઠા કરે છે, પાંદડાંની પતરાળી અને પડિયા બનાવે છે, અને બધી મુસીબતો વેઠીને રાંધી ખાય છે. એમાં જ તે દિવસનો આનંદ રહે છે. શહેરની કૃત્રિમતા છોડીને નૈસર્ગિક માણસ-કુદરતી માણસ બનવાનો એ આનંદ હોય છે. હજારો વર્ષના પ્રયત્નોને લીધે જે સાધનો મનુષ્યે ઉપજાવેલાં છે એના અભાવે આપણે શું કરી શકીએ એનો વનભોજનમાં ઉત્તમ પાઠ મળે છે; અને તેથી કૃત્રિમતાની કાંચળી છોડી દઈને મનુષ્ય પોતાનું સ્વરૂપ ઓળખી શકે છે. કુસ્તીમાં પણ એ જ આનંદ રહેલો દેખાય છે. શસ્ત્રયુદ્ધ, વાગ્યુદ્ધ અથવા કોરટબાજી, આ બધા સુધારેલા પણ કુત્રિમ ઉપાયો છે. કુસ્તીમાં શરીર શરીર સાથે નૈસર્ગિક શક્તિથી લડે છે; એમાં જ એને આનંદ મળે છે.

સાહિત્યમાં એવો નૈસર્ગિક આનંદ અને નૈસર્ગિક લાભ લેવા તરફ હાલમાં પ્રવૃત્તિ થતી જાય છે. નીતિશાસ્ત્ર, વિવેકશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર અને ભાષાશાસ્ત્રના કુત્રિમ નિયમોનું બંધન જેમાં નથી અને મનુષ્યસ્વભાવનો નૈસર્ગિક પ્રવાહ જેની અંદર કોઈ પણ રુકાવટ વગર સોંસરો ચાલતો હોય એવું સાહિત્ય આજે દુનિયાને જોઈએ છે. શિષ્ટ સાહિત્યમાં ભારે કળા હોય, સુંદર ઓપ હોય, તોપણ નૈસર્ગિક સાહિત્ય જેટલો પ્રાણ તેમાં નથી હોતો. રાજાના મહેલમાં દાદરના કઠોડા પર પોલિશ હોય છે તેના કરતાં કોઈ પણ મંદિરના દાદરાના કઠોડા પર અસંખ્ય લોકોના હાથના ઘસારાથી જે સુંવાળપ અને ચળકાટ આવે છે તે કાંઈક ઓર જ હોય છે; એ જ રીતે સાહિત્યશાસ્ત્રના નિયમને અનુસરીને ભાષાને જે

અલંકાર પહેરાવવામાં આવે છે તેના કરતાં અનેક પ્રાંતના, અનેક જમાનાના અને અનેક જાતના લોકોના મોઢામાં રમવાથી સાહિત્યને જે નૈસર્ગિક ઓપ આવે છે તે લૌકિક છતાં અલૌકિક હોય છે. કેળવણીનો આધાર આવાં લોકસાહિત્યો ઉપર રાખવામાં આવે તો જ તે સાચી રાષ્ટ્રીય કેળવણી કહેવાય. આપણા દેશમાં જ્યાંરે રાજકવિઓ દરબારમાં શબ્દાલંકાર, અર્થાલંકાર વગેરેની કસરત કરી બતાવતા ત્યારે અભણ પણ સંસ્કારી જનસમુદાય એક જુદા જ સાહિત્ય ઉપર પોષાતો હતો. આ સાહિત્ય તે ક્યાંથી આવ્યું? કોણે શરૂ કર્યું ?

જ્યાંથી રાષ્ટ્રનો સ્વભાવ નિર્માણ થયો ત્યાંથી આ સાહિત્યનો ઊગમ છે. જેની અંદર સમાજનો પ્રાણ સ્ફુરે છે તેણે આ સાહિત્ય લખ્યું છે. આ સાહિત્ય દ્વારા આ બાળકોને કેળવણી આપો તો તેઓ સમાજને ઓળખી શકશે અને સમાજને ઓળખી સમાજના દાસ અને પ્રભુ બનશે.

પ્રાચીન ઋષિમુનિઓએ પણ લોકસાહિત્યનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું છે, અને તેથી જ તેમણે પોતાને સ્ફૂરેલા આધ્યાત્મિક સનાતન સિદ્ધાંતો લોકવાર્તાના રૂપકમાં ગૂંથીને વેદમાં દાખલ કર્યા છે. પુરાણો તો લોકવાર્તાનો ભંડાર છે. ભાસ - કાલિદાસાદિ મહાકવિઓએ પોતાની પ્રતિભા પ્રગટ કરવા માટે આ લોકવાર્તાનું જ શરણ લીધું છે. નીતિશાસ્ત્રવિશારદ આર્ય ચાણક્યે લોકવાર્તાનો ઉપયોગ કરી ઠોઠ રાજપુત્રને પણ નીતિનિપુણ કર્યો છે. જ્યારે જ્યારે કવિપ્રતિભા મંદ પડે છે, પ્રજાનો ઉત્સાહ ક્ષીણ થાય છે અને કેળવણીનો ઝરો સુકાઈ જાય છે, ત્યારે ત્યારે દેશના નેતાઓ એ લોકસાહિત્યરૂપી ગંગોત્રી પાસે જઈને તપશ્ચર્યા કરતા દેખાય છે.

શેક્સપિયરને પૂછો કે શીલરને, એ એમ જ કહેશે કે લોકસાહિત્ય એ જ તમારો ગુરુ છે. તમારા તત્ત્વજ્ઞાનીઓ અને તર્કશાસ્ત્રીઓ ન કરી શકે એવી સૂક્ષ્મતાથી લોકસમાજે આ સાહિત્યના વિભાગ પાડેલા છે. સાસુનો ત્રાસ સહન કરતી વહુની વાર્તાઓનો એક સ્વતંત્ર વિભાગ અલગ છે. સંકટો સામે બહાદુરીથી લડનાર રાજપુત્રોનો વિભાગ અલગ છે, તો પોતાની ચાતુરીથી સંકટોની સુસંધિ કરનાર વણિક મુસાફરોનો વિભાગ જુદો છે. પોતાના નિર્વ્યાજ પ્રેમથી જ સુરક્ષિત એવો બાળકોનો પ્રાંત પણ એકદમ નિરાળો અને વિશાળ છે. દેશાભિમાન અને ધાર્મિક ઝનૂનના પાઠ ભણ્યા વિના માનવજાતિના સ્વાભાવિક પ્રેમને લીધે 'બહુજનસુખાય બહુજનહિતાય' આત્માર્પણ કરનાર ધર્મવીરોનો વિભાગ ઓછો વિસ્તીર્ણ નથી. લોકસાહિત્યના રાજાઓ પોતાનો વૈભવ ભોગવતા છતાં પોતાનું મનુષ્યપણું અને મનુષ્ય તરીકેનો પોતાનો દુનિયા સાથેનો સંબંધ ભૂલી જતા નથી. લોકસાહિત્યના લૂંટારા, ઠગ અને ચોરો પણ ગરીબોના બેલી બની આપણી સહાનુભૂતિ મેળવી શકે છે. લોકસાહિત્યના વીરો અને ફકીરો આપણામાં અનુકરણની ઇચ્છા ઉત્પન્ન કરે છે. તેથી જ લોકસાહિત્ય એ સત્યસાહિત્ય છે. એનો ઉપયોગ કેળવણીમાં થવો જોઈએ. જે શિક્ષકને બાળકોનું જીવન સત્ય અને સંપૂર્ણ નથી લાગતું તે યશસ્વી અધ્યાપક થાય જ નહિ. મેઝીનીને ઇટાલીના સ્વાતંત્ર્યનું જેટલું મહત્ત્વ લાગતું હતું, શંકરાચાર્યને અદ્વૈત સિદ્ધાંતમાં જે મહાત્મ્ય દિસતું હતું, મિકાડોને માટે પ્રાણ અર્પણ કરનાર જાપાની વીરોને સ્વદેશ વિષે જે લાગણી હોય છે, તે જ મહાત્મ્ય અને તે જ લાગણી બાળકોને પોતાની બાળદુનિયા વિષે હોય છે; અને તે વૃત્તિથી જ બાળકોને બાળવાર્તા દ્વારા બાળદુનિયાનો પરિચય કરાવવો જોઈએ. આ નાનકડા પુસ્તકમાં જે બાળવાર્તાઓ આપેલી છે તેમાં કળા છુપાયેલી છે,

તાત્ત્વિક બોધ અદૃશ્ય રૂપે વસે છે, જનસ્વભાવનું મૂક વર્ણન છે ને મુગ્ધ બાળકોને આશુતોષ આહ્લાદ ઓતપ્રોત છે; તેથી જ શિક્ષકને તે ઉત્તમ મદદગાર છે. અનુભવી અને ઉત્સાહી શિક્ષકોને એટલી જ પ્રાર્થના છે કે આ વાર્તાઓ સુધારવા પ્રયત્ન કરશો નહિ. આ વાર્તાઓનું ધ્યાન કરો, ધ્યાનથી તદાકાર થાઓ અને પછી જે તમને સ્ફૂરે તે બાળકો પાસે મૂકજો. આ વાર્તાઓ શાસ્ત્રનો સંયમ પાળતી નથી, પણ એની અંદર એક સ્વાભાવિક સંયમ હોય છે. પાપીને ધિક્કાર્યા વગર પાપપુણ્યનો ભેદ બતાવે છે, અને સમાજસેવાના ઉચ્ચ આદર્શનો ખ્યાલ આપતાં વિશ્વવ્યાપી પ્રેમ ઉત્પન્ન કરે છે. આ વાર્તાઓ યાત્રાળુઓની માફક દેશાંતરમાં ફરે છે, અને જ્યાં જ્યાં જાય છે ત્યાં પ્રેમધર્મ સ્થાપિત કરે છે. ગામડામાં વસતી ડોશી ચાર ધામ ફરી આવી છે એમ કોઈ કહે તે આપણને સાચું લાગતું નથી. તે જ પ્રમાણે ઘરગથ્થુ લાગતી વાર્તાઓ ચાર ખંડ ફરી આવેલી હોય છે એમ કહીએ તો સામાન્ય વાચકોને વિશ્વાસ ન બેસે. આ ચોપડીની વાર્તાઓ કાઠિયાવાડમાં પ્રચલિત છે; પણ તે ક્યાંથી આવી અને ક્યારે કાઠિયાવાડમાં આવીને વસી છે તે કોણ કહે? એકાદ વાર્તા નાઈલ નદીના કાંઠા ઉપરની હશે તો બીજી યુફ્રેટીસ ને ટાયરગ્રેસ નદી વચ્ચે જન્મી હશે? એકાદ સમરકંદમાંથી આવી હશે? તેમ જ આ વાર્તાઓમાંથી કેટલીક દેશાન્તર કરીને જર્મનીમાં ઘર કરીને રહી હશે તો કેટલીએક લાંબો ચોટલો ઊગાડીને ચીની બની ગઈ હશે! આ વાર્તાઓની પાછળ ક્યાં સુધી દોડીએ? બહુરૂપીની પેઠે આ વાર્તાઓ સહેજ ફેરફાર સાથે નવું રૂપ ધારણ કરી કાશ્મીરમાં વિચરતી મેં જોઈ છે. કેટલી-એક વાર્તાઓ બંગાળી લોકોને કહેતાં તેઓ કહેતા કે આ તો અમારી જ વાર્તાઓ તમે લઈ ગયા છો. ચકલીની વાર્તાઓ મેં નાનપણમાં કાનડી ભાષામાં સાંભળેલી. ''ગુબી ગુબી હાડી બીડ' (ચકલી ચકલી

રસ્તો છોડ) એ વાક્ય હજી મારા કાનમાં સંભળાય છે. મહારાષ્ટ્ર તો ગુજરાતનો પાડોશી જ છે. ષષ્ઠીનો પત્યય પણ જ્યાં મહારાષ્ટ્રી ચાલે છે ત્યાં સંબંધ બતાવવાપણું રહે છે?

આજ સુધીનો આ અપ્રતિબદ્ધ વિનિમય જાણે ઓછો છે એમ માનીને ગિજુભાઈએ બે પંજાબી બાળવાર્તાઓને ગુજરાતી રૂપ આપી દીધું. ગિજુભાઈ તો વાર્તાના બ્રહ્મા રહ્યા! કદાવર પંજાબીને એમણે એવા તો ગુજરાતી બનાવી દીધા છે કે નારદ-બનીને આ વાત મેં બહાર પ્રગટ કરી ન હોત તો સામાન્ય વાચક આ છેતરપિંડી ન જ ઓળખી શકત.

છેવટે અધ્યાપકોને અને માબાપોને મારી વિનંતી છે કે બાળકો ઉપર પ્રેમ કરતા શીખવા તેમની દુનિયામાં પ્રવેશ કરો અને આનંદ સાથે તેમને બૌદ્ધિક ખોરાક આપો. આ વાર્તાઓ બાળકોને આનંદ તો જરૂર આપશે; પણ એમને આ વાર્તાઓ બાળદુનિયામાં પ્રવેશ કરવાની માર્ગદર્શિકા થાઓ એટલી જ મારી પ્રાર્થના છે.

સત્યાગ્રહ આશ્રમ,

**સાબરમતી** **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

## શિક્ષકો તથા માબાપોને......

આ નાનકડા પાંચે પુસ્તકોમાં જે બાલવાર્તાઓ આપેલી છે તેમાં કળા છુપાયેલી છે, તાત્ત્વિક બોધ અદૃશ્ય રૂપે વસે છે, જન સ્વભાવનું મૂક વર્ણન છે ને મુગ્ધબાળકોને આશુતોષ આહ્લાદ ઓતપ્રોત છે તેથી જ શિક્ષકને તે ઉત્તમ મદદગાર છે. અનુભવી અને ઉત્સાહી શિક્ષકોને એટલી જ પ્રાર્થના છે કે આ વાર્તાઓ સુધારવા પ્રયત્ન કરશો નહીં. આ વાર્તાઓનું ધ્યાન કરો, ધ્યાનથી તદાકાર થાઓ અને પછી જે તમને સ્ફૂરે તે બાળકો પાસે મૂકજો.

......છેવટે અધ્યાપકોને અને માબાપોને મારી વિનંતિ છે કે બાળકો ઉપર પ્રેમ કરતાં શીખવા તેમની દુનિયામાં પ્રવેશ કરો અને આનંદ સાથે તેમને બૌદ્ધિક ખોરાક આપો. આ વાર્તાઓ બાળકોને આનંદ તો જરૂર આપશે જ. પણ તેમને આ વાર્તાઓ આ બાળદુનિયામાં પ્રવેશ કરવાની માર્ગદર્શિકા થાઓ એટલી જ મારી પ્રાર્થના છે.

**— કાકા સાહેબ કાલેલકરની પ્રસ્તાવનામાંથી**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પુષ્ઠ |
|---|---|---|
| ૧. | કહાણી કહું કૈયા | ૧ |
| ૨. | ઊ અને ટૂની વાર્તા | ૪ |
| ૩. | એક વાતની વાત | ૪ |
| ૪. | નકો નકો રાજા | ૫ |
| ૫. | ખોટું નગર | ૬ |
| ૬. | કાંટાની અણી | ૮ |
| ૭. | જાૂકા પેટ ફૂટયા | ૯ |
| ૮. | કાગે મારું મોતી લીધું | ૧૨ |
| ૯. | કૂકડી પડી રંગમાં | ૨૧ |
| ૧૦. | કાગડો અને ઘઉંનો દાણો | ૩૧ |
| ૧૧. | કાગડો અને કોઠીંબું | ૩૮ |
| ૧૨. | પાલીમાં પાંચ ઉંદરડા | ૪૫ |
| ૧૩. | ઊંટ પગ સડે | ૪૯ |
| ૧૪. | એક ઉંદરની વાર્તા | ૫૫ |
| ૧૫. | સાત પૂંછડીયો ઉંદર | ૫૯ |

# બા ળ વા ર્તા

## શ્રેણી પહેલી

○ □ ○

### કહાણી કહું કૈયા




કહાણી કહું કૈયા,
સાંભળ મારા છૈયા;

છૈયે માંડયું હાટ,
ત્યાંથી નીકળ્યો ભાટ;




ભાટ ખોદાવે કૂઈ
ત્યાંથી નીકળ્યો સૂઈ;
સૂઈ સંચાવે દોરો,
ત્યાંથી નીકળ્યો વોરો;
વોરો ખાય દાળિયા,
કાઢે એટલા કાળિયા;
કાળિયા મેં વાડયે નાખ્યા,
વાડયે મને વેલો આપ્યો;

વેલો મેં ગાયને નાખ્યો,
ગાયે મને દૂધ આપ્યું;




દૂધ મેં મોરને પાયું
મોરે મને પીંછી આપી;



પીંછી મેં પાદશાહને આપી,
પાદશાહે મને ઘોડો આપ્યો;



ઘોડો મેં બાવળિયે બાંધ્યો,
બાવળે મને શૂળ આપી;
શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી,
માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડૂલો આપ્યો;



ઘડૂલો મેં માળીને આપ્યો,
માળીએ મને ફૂલ આપ્યાં;
ફૂલ મેં મા'દેવને ચડાવ્યાં,
મા'દેવે મને લાડવા આપ્યા.

એ લાડવા મેં, ભાઈએ, બહેને અને બાએ ખાધા. એક લાડવો વધ્યો તે કાકા માટે રાખ્યો હતો, તે કાળિયો કૂતરો આવીને ખાઈ ગયો.



☆ ☆ ☆

## ઊ અને ટૂની વાર્તા

એક હતી ઊ; તેને થઈ ટૂ;
તે ગઈ જમવા; તેને જડયો પૈસો.
તે કહે : ''બા, બા ! આ પૈસાનું શું લાવવું ?''
બા કહે : ''ભાજી લાવ.''
''મોળું કેમ ?''
''ચર ચર.''
''રાંધું કેમ ?''
''સડ સડ.''
''ખાઉં કેમ ?''
''બચ બચ.''
''સૂઉં કેમ ?''
''ડાબી પા.''
''પાદું કેમ ?''
''ઢમ ઢા.''




★ ★ ★

## એક વાતની વાત

એક વાતની વાત, સવાયાની સાત,
એક બોરડીનો કાંટો, સાડી અઢાર હાથ.
એની અણી પર વસે ત્રણ ગામ;
બે ઉજ્જડ અને એકમાં વસ્તી જ નહિ.

તેમાં વસે ત્રણ બ્રાહ્મણ;
બે અપવાસી અને એક જમે જ નહિ.
તેને ઘેર હતી ત્રણ ગાયો;
બે વરોળ અને એક વિયાય જ નહિ.
તેને આવ્યા ત્રણ વાછડા;
બે ખોટા અને એક સાચો જ નહિ.
તેણે ખેડયાં ત્રણ ખેતર;
બે બીડ અને એકમાં ઊગે જ નહિ.

★ ★ ★



## નકો નકો રાજા

એક હતો નકો નકો રાજા.
તેણે વસાવ્યાં ત્રણ ગામ;
બે ઉજ્જડ અને એકમાં વસ્તી જ નહિ.
તેમાં વસ્યા ત્રણ કુંભાર;

બે અણઘડ અને એક ઘડે જ નહિ.
તેણે ઘડી ત્રણ તોલડીઓ;
બે તૂટેલ અને એક સાજી જ નહિ.
તેણે નોતર્યા ત્રણ બ્રાહ્મણ;
બે અપવાસી અને એક જમે જ નહિ.
તેને આપ્યા ત્રણ તાંબિયા;
બે ખોટા અને એક સાચો જ નહિ.
તે બતાવ્યા ત્રણ સોનીને;
બે આંધળા અને એક દેખે જ નહિ.
આ વાત કરી ત્રણ છોકરાને;
બે ભૂલ્યા અને એકને આવડી જ નહિ.

☆ ☆ ☆

## ખોટું નગર

એક હતું ખોટું ખોટું નગર.
એમાં ત્રણ કુંવર;
બે થયા જ નહોતા ને ત્રીજો થવાનો નહોતો.
ત્રણે જણા ગામતરે ચાલ્યા.
મારગે ત્રણ ઝાડ આવ્યાં;
બે ઊગ્યાં જ નહોતાં ને ત્રીજું કોઈ દિવસ ઊગવાનું જ નો'તું.
એની હેઠે કુંવરો બેઠા ને ફળો ખાધાં.

બે ફળો થયાં જ નો'તાં ને એક ફળ થવાનું જ
નો'તું.
કુંવર તો આગળ ચાલ્યા.



મારગે જતાં ત્રણ નદીઓ આવી.
બેમાં પાણી જ નો'તું ને એક નદી સુકાઈ ગઈ'તી.
કુંવરે તો એનાં પાણી પીધાં.
પછી કુંવરો એક ગામમાં ગયા.
ગામમાં ત્રણ ઘર હતાં,
બે ઘર તો ચણ્યા વિનાનાં ને એકને તો ભીંત
જ નો'તી.
એમાં ત્રણ સોનાનાં તપેલાં;
બે તપેલાં ફૂટી ગયેલાં ને એક સાજું જ નહિ.
એમાં રાંધ્યા ચોખા;
નવ્વાણું માણાં હતાં. એમાંથી સો માણાં રાંધ્યાં.
જમવા નોતર્યા ત્રણ બ્રાહ્મણો;
બે શરીર વિનાના; એકને તો મોઢું જ નહિ.
મોઢા વિનાના બ્રાહ્મણે સો માણાં ચોખા ખાધા
ને બાકીના ત્રણે રાજકુમારે ખાધા.

★ ★ ★



# કાંટાની અણી

એક કાંટાની અણી.

તે પર વસે ત્રણ ગામ : બે ઉજ્જડ ને એક વસેલ જ નહિ, વસેલ જ નહિ.

એમાં વસ્યા ત્રણ કુંભાર; બે અણઘડ ને એક ઘડે જ નહિ, ઘડે જ નહિ.

તેણે ઘડી ત્રણ તોલડી : બે કાચી ને એક સાજી જ નહિ; સાજી જ નહિ.

એમાં રાંધ્યા ત્રણ મગ : બે કાચા અને એક ચડે જ નહિ, ચડે જ નહિ.

ત્યાં આવ્યા ત્રણ મહેમાન; બે રસિયા ને એક જમે જ નહિ, જમે જ નહિ.

એને દીધા ત્રણ રૂપિયા, બે ખોટા ને એક સાચો જ નહિ, સાચો જ નાહિ.

ત્યાં આવ્યા ત્રણ પારેખ; બે આંધળા ને એક દેખે જ નહિ, દેખે જ નહિ.

☆ ☆ ☆

# જૂકા પેટ ફૂટ્યા

એક હતી જૂ. તે ગઈ ના'વા. પછી નદીમાં ના'તાં ના'તાં એનું પેટ ફૂટી ગયું; તેથી નદી લોહીલોહી થઈ ગઈ.

ત્યાં એક કાગડો નદીએ પાણી પીવા આવ્યો. નદી લોહીલોહી થયેલી જોઈને કાગડો કહે : ''નદીબાઈ ! નદીબાઈ ! તમે આમ લોહીલોહી કેમ છો ?''

નદી કહે :



**''જૂકા પેટ ફૂટ્યા,**
**નદી લોહીલોહી,**
**અને કાગડો કાણો.''**

ત્યાં તો કાગડો કાણો થઈ ગયો.

ઉડતો ઉડતો કાગડો બાવળ ઉપર જઈને બેઠો.

બાવળ કહે : ''કાગડાભાઈ, કાગડાભાઈ ! તમે કાણા કેમ થયા ?''

કાગડો કહે :


**''જૂકા પેટ ફૂટ્યા, નદી લોહીલોહી;**
**કાગડો કાણો, બાવળ બાંકો.''**

ત્યાં તો બાવળ વાંકો થઈ ગયો.

થોડી વારે એક સુતાર બાવળ કાપવા આવ્યો.

બાવળ કહે :

''જૂકા પેટ ફૂટ્યા, નદી લોહીલોહી;
કાગડો કાણો, બાવળ વાંકો.
અને સૂતાર ઠૂંઠો.''



ત્યાં તો સુતાર ઠૂંઠો થઈ ગયો.

પછી તો ઠૂંઠો સુતાર એક વાણિયાની દુકાને લોટ લેવા ગયો.

વાણિયો કહે : ''અરે સુતારભાઈ, સુતારભાઈ, તમે ઠૂંઠા કેમ થયા?''

સુતાર કહે :

''જૂકા પેટ ફૂટ્યા, નદી લોહીલોહી;
કાગડો કાણો, બાવળ વાંકો.
સૂતાર ઠૂંઠો, અને વાણિયો બે'રો''

ત્યાં તો વાણિયો બે'રો થઈ ગયો.

ત્યાં વાણિયાની દુકાને એક ગોલી તેલ લેવા આવી.

ગોલી કહે : ''વાણિયા, વાણિયા ! બે'રો કેમ થઈ ગયો?''

વાણિયો કહે :

''જાૂકા પેટ ફૂટયા,
નદી લોહીલોહી;
કાગડો કાણો,
બાવળ વાંકો.
સૂતાર ઠૂંઠો,
વાણિયો બે'રો
અને ગોલી નાચતી.''



ત્યાં તો ગોલી નાચવા માંડી.

પછી ગોલી નાચતી નાચતી ત્યાંથી રાણી પાસે ગઈ. રાણી કહે : ''ગોલી, ગોલી ! તું નાચે છે કેમ ?''



ગોલી કહે :

''જાૂકા પેટ ફૂટયા,
નદી લોહીલોહી;
કાગડો કાણો,
બાવળ વાંકો.
સૂતાર ઠૂંઠો,
વાણિયો બે'રો
ગોલી નાચતી,
અને રાણી દાસી.''

પછી રાણી દાસી બની ગઈ.

☆ ☆ ☆

# કાગે મારું મોતી લીધું

એક હતો કાગડો અને એક હતી કાબર. કાગડો અને કાબર બને લીમડાના ઝાડ નીચે રમતાં હતાં. ત્યાં કાગડાને એક જોડાની ફૂદડી જડી અને કાબરને એક મોતી જડયું.

કાગડો કહે : "કાબરબેન, કાબરબેન! જુઓ તો ખરાં મને જોડાની ફૂદડી જડી."

કાબર કહે : "જુઓ તો ખરા કાગડાભાઈ! મને રૂપાળું મોતી જડયું!"

કાગડો કહે : "દેખાડો જોઈએ?"

પછી કાબર મોતી દેખાડવા ગઈ ત્યાં કાગડો મોતી લઈને લીમડે બેસી ગયો. પછી કાબર કહે : "કાગડા, કાગડા! મારું મોતી લાવ ને?"

કાગડો કહે, "હું તો નહિ આપું."

એટલે કાબરે ઝાડને કહ્યું, "લીમડા, લીમડા! કાગ ઉડાડ ને!"

લીમડો કહે : "હું શીદ ને ઉડાડું!"

કાબર કહે :

"કાગે મારું મોતી લીધું.
માગું છું પણ આપે નહિ."

લીમડો કહે : "હું તો કાગને કાંઈ ઉડાડતો નથી."

પછી કાબર ગઈ સુતાર પાસે. જઈને સુતારને કહે : ''સુતાર, સુતાર ! લીમડો કાપ ને ?



સુતર કહે :

''હું શીદ કાપું ?''

કાબર કહે :

''લીમડો કાગ ઉડાડે નહિ.
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

સુતાર કહે : ''હું તો કાંઈ લીમડો કાપતો નથી.''

પછી કાબર ગઈ રાજા પાસે. જઈને રાજાને કહે : ''રાજાજી, રાજાજી ! સુતારને દંડો ને ?''

રાજા કહે : ''હું શીદ ને દંડું ?''

કાબર કહે :

''સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

રાજા કહે : ''હું તો કાંઈ સુતારને દંડતો નથી.''


પછી કાબરબાઈ તો ગયાં રાણી પાસે. જઈને રાણીને કહે : ''રાણીજી, રાણીજી ! રાજાથી રિસાવ ને ?''

રાણી કહે : ''હું શીદને રિસાઉં ?''

''રાજા સુતાર દંડે નહિ,
સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

રાણી કહે : ''હું તો રાજાથી કાંઈ રિસાતી નથી.''

પછી તો ઉંદર પાસે જઈને કાબરબાઈએ કહ્યું : ''ઉંદરભાઈ, ઉંદરભાઈ ! તમે રાણીનાં લૂગડાં કાપો ને !''



ઉંદર કહેઃ હું શીદ ને કાપું ?''

કાબર કહે :

''રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,

કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

ઉંદર કહે : ''હું તો કાંઈ રાણીનાં લૂગડાં કાપતો નથી.''

પછી કાબરબાઈ ગયાં બિલ્લી પાસે.

કાબર કહે : ''બિલ્લીબાઈ, બિલ્લીબાઈ ! ઉંદર ખાવ ને ?''

બિલ્લી કહે : ''હું શીદ ને ખાઉં ?''

કાબર કહે :

''ઉંદર રાણીના લૂગડાં કાપે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર લીંમડો કાપે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

બિલ્લી કહે : ''હું તો કાંઈ ઉંદરને ખાતી નથી.''

પછી કાબર ગઈ કુત્તા પાસે.


કાબર કહે : ''કુત્તા કુત્તા ! બિલ્લીને માર.''

કુત્તો કહે : ''હું શીદ ને મારું ?''

કાબર કહે :

''બિલ્લી ઉંદર ખાય નહિ,
ઉંદર રાણીનાં લૂગડાં કાપે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

કુત્તો કહે : ''હું તો કાંઈ બિલ્લીને મારતો નથી.''



કાબર તો ગઈ પછી ધોકા પાસે.

કાબર કહે :

''ધોકા, ધોકા ! કુત્તાને માર ને ?''

ધોકો કહે : ''હું શીદને મારું ?''

કાબર કહે :

''કુત્તા બિલ્લી મારે નહિ,
બિલ્લી ઉંદર ખાય નહિ,
ઉંદર રાણીનાં લૂંગડાં કાપે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,

સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

ધોકો કહે: ''હું તો કાંઈ કુત્તાને મારતો નથી.''

ત્યાંથી કાબર ગઈ આગ પાસે જઈને કહે: ''આગ, આગ! ધોકો બાળ ને?''

આગ કહે: ''હું શીદ ને બાળું?''

કાબર કહે:

''ધોકો કુત્તા મારે નહિ,
કુત્તા બિલ્લી મારે નહિ,
બિલ્લી ઉંદર ખાય નહિ,
ઉંદર રાણીના લૂગડાં કાપે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

આગ કહે: ''હું કાંઈ ધોકાને બાળતી નથી.''

કાબર તો ત્યાંથી ચાલી દરિયા પાસે. જઈને દરિયાને કહે: ''દરિયા, દરિયા! આગ ઓલવ ને?''

દરિયો કહે : ''શીદ ને ઓલવું ?''

કાબર કહે :

''આગ ધોકો બાળે નહિ;
ધોકો કુત્તા મારે નહિ,
કુત્તા બિલ્લી મારે નહિ,
બિલ્લી ઉંદર ખાય નહિ,
ઉંદર રાણીનાં લૂગડાં કાપે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''

દરિયો કહે : ''હું તો કંઈ આગ ઓલવતો નથી.''

પછી કાબર ગઈ હાથી પાસે. હાથીને જઈને કહે : ''હાથી ! દરિયો ઢંઢોળ.''

હાથી : ''હું શીદ ને ઢંઢોળું ?''

કાબર કહે :

''દરિયો આગ ઓલવે નહિ,
આગ ધોકો બાળે નહિ,
ધોકો કુત્તા મારે નહિ,
કુત્તા બિલ્લી મારે નહિ,

બિલ્લી ઉંદર ખાય નહિ,
ઉંદર રાણીનાં લૂગડાં કાપે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિં,
સુતાર લીમડો કાપે નહિ,
લીમડો કાગ ઉડાડે નહિ,
કાગે મારું મોતી લીધું,
માગું છું પણ આપે નહિ.''


હાથી કહે: ''હું તો કાંઈ દરિયો ઢંઢોળતો નથી.''

છેવટે કાબર બિચારી મચ્છર પાસે ગઈ. જઈને મચ્છરને કહે: ''ભાઈ મચ્છર! હાથીના કાનમાં પેસીશ!''

મચ્છર કહે: ''હું તો તૈયાર જ છું!''

આમ કહી મચ્છર તો ગણગણ કરતો જ્યાં હાથીના કાનમાં પેસવા ગયો એટલે હાથી કહે:


''મારા કાનમાં કોઈ પેસશો નહિ, હું દરિયો ઢંઢોળું.''



એટલે દરિયો કહે: ''મને કોઈ ઢંઢોળશો નહિ, હું આગ ઓલવું.''

આગ કહે: ''મને કોઈ ઓલવશો નહિં, હું ધોકો બાળું.''

ધોકો કહે: ''મને કોઈ બાળશો નહિ, હું કુત્તા મારું.''



કુત્તો કહે: ''મને કોઈ મારશો નહિ, હું બિલ્લી કાટું.''

બિલ્લી કહે: ''મને કોઈ કાટશો નહિ હું ઉંદરને ખાઉં.''

ઉંદર કહે: ''મને કોઈ ખાશો નહિ. હું રાણીનાં લૂગડાં કાપું.''

રાણી કહે: ''મારા લૂગડાં કોઈ કાપશો નહિ, હું રાજાથી રિસાઉં.''

રાજા કહે: ''મારાથી કોઈ રિસાશો નહિ, હું સુતાર દંડું.''

સુતાર કહે: ''મને કોઈ દંડશો નહિ, હું લીમડો કાપું.''

લીમડો કહે: ''મને કોઈ કાપશો નહિ, હું કાગ ઉડાડું.''

એમ કહી લીમડો એવો તો હલ્યો કે કાગડો 'કૉ કૉ' કરતો ઊડયો.


કાગડો જેવો 'કૉ કૉ' કરતો ઊડયો કે તેના મોઢામાંથી મોતી પડી ગયું અને કાબરબાઈ તે લઈને ઊડી ગયાં.



⋆ ⋆ ⋆


## કૂકડી પડી રંગમાં

એક ઘરડો કૂકડો એક વાર એક જુવાન કૂકડીને પરણ્યો. આથી ઘરડી કૂકડી ખૂબ ખિજાઈ અને એક લીમડાના ઝાડની ડાળ પર રિસાઈને બેઠી, એટલામાં વરસાદ આવ્યો. કૂકડી બેઠી હતી તે ડાળની ઉપર એક કાગડાનો માળો હતો. માળામાં રંગબેરંગી ચીંથરાં હતાં. વરસાદ આવ્યો એટલે ચીંથરાંના રંગવાળું પાણી કૂકડી ઉપર પડયું; એથી તેનાં પીછાં સુંદર રંગેલાં થયાં.



ઘરડી કૂકડી પછી તો જુવાન જેવી દેખાવા લાગી.

એટલે તે હરખાતી હરખાતી નવી પરણેલી કૂકડી પાસે આવી. નવી પરણેલી કૂકડી ઘરડીને કહે : ''બહેન ! તમે આવાં સુંદર પીંછાં શી રીતે કર્યાં ?''



ઘરડી કૂકડીને ખીજ હતી એટલે તે કહે : ''રંગારાના રંગના કૂંડામાં હું તો પડી, એટલે મારાં પીછાં આવાં સુંદર થયાં; તારે જો આવાં કરવાં હોય તો રંગના કૂંડામાં જઈને પડ.

નવી કૂકડી તો ઉડીને રંગારાની દુકાન પાસે રંગનું કૂંડું હતું તેમાં પડી, અને મરી ગઈ.

કૂકડો બિચારો ઘરભંગ થયો એટલે નિમાણો થઈને એક પીપળાનાં ઝાડ ઉપર જઈને બેઠો.

પીપળો કહે : ''કૂકડાભાઈ, કુકડાભાઈ આજે નિમાણા થઈને કેમ બેઠા છો ?''



કૂકડો કહે :

''કૂકડી પડી રંગમાં

કૂકડો શોક ઢંગમાં ?''

પીપળો કહે : ''અરે ! એ તો બહુ દુઃખની વાત. એ

દુ:ખથી હું મારાં પાંદડાં ખેરી નાંખું છું.'' એમ કહી પીપળાએ પોતાનાં પાન ખેરી નાંખ્યાં.

થોડી વાર થઈ ત્યાં પીપળા નીચે એક ભેંશ આવી.

ભેંશ કહે: ''પીપળાભાઈ, પીપળાભાઈ! આજે આમ કેમ છો? કાલે તમારા પર બહુ સુંદર પાંદડા હતાં અને આજે એકેય કેમ નથી?''

પીપળો કહે: ''બહેન! કાંઈ કહેવાની વાત નથી.''

ભેંશ કહે: ''ભાઈ! કહો તો ખરા, છે શું?''

પીપળો કહે:

**''કૂકડી પડી રંગમાં,**<br>
**કૂકડો શોકઢંગમાં,**<br>
**અને પીપળપાન ખર્યાં.''**

ભેંશ કહે: ''અરે આ તો બહુ દિલગીર થવા જેવું! હું પણ મારાં શિંગડાં પાડી નાખીશ.''

એમ કહી ભેંશે પોતાનાં શિંગડા પાડી નાખ્યાં. પછી ભેંશ નદીએ પાણી પીવા ગઈ.

નદી કહે: ''ભેંશબાઈ, ભેંશબાઈ! તમારાં શિંગડાં ક્યાં ગયાં?''

ભેંશ કહે: ''અરે બહેન, કાંઈ કહેવાની વાત નથી.''

નદી કહે : ''કહે તો ખરી, બહેન ! એવું તે શું છે !''

ભેંશ કહે :

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,
પીપળપાન ખર્યાં
અને ભેંશશિંગ પડ્યાં.''

નદી કહે : ''અરે ? આથી મને બહુ શોક થાય છે. હુંયે હવે સુકાઈ જઈશ..'' ''એમ કહી નદી સુકાઈ ગઈ.

ત્યાં એક કોયલ નદીએ પાણી પીવા આવી.

કોયલ કહે : નદીબાઈ, નદીબાઈ ! આ શું ? કાલે તો રૂપાળાં બે કાંઠામાં વહેતાં હતાં. અને આજે પાણીનું ટીપુંય નહિ ?''

નદી કહે : ''અરે બાઈ, કાંઈ કીધાની વાત નથી. ગ઼જબ થઈ ગયો છે.''

કોયલ કહે : ''કહો તો ખરાં બહેન ! શું દુ:ખ આવી પડ્યું છે તે !''

નદી કહે :

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,

પીપળપાન ખર્યાં,
ભેંશશિંગ પડયાં,
અને નદી નપાણી.''

કોયલ કહે: ''ત્યારે હવે તો મારેય શોક કરવો જોઈએ. મને તો એવું લાગી આવે છે હવે રોઈ રોઈ આંખ જ ફોડું.''



આમ કહીને કોયલ એવી તો રોવા માંડી કે એની તો એક આંખ જ ફૂટી ગઈ.

કાણી કોયલ ત્યાંથી ઊડતી ઊડતી એક વાણિયાની દુકાને આવીને બેઠી.

વાણિયો કહે: ''અલી કોયલ! તું કાણી કેમ થઈ?''

કોયલ કહે: ''શેઠ! કાંઈ કીધાની વાત નથી. ગજબ થઈ ગયો છે?''

વાણિયો કહે: ''કહે તો ખરી! એવું તે બધું શું છે!''


કોયલ કહે:

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,
પીપળપાન ખર્યાં,

ભેંશશિંગ પડયાં,
નદી નપાણી,
અને કોયલ કાણી.''

વાણિયો એટલો બધો દિલગીર થઈ ગયો કે શોકમાં ને શોકમાં ગાંડો થઈ ગયો.

ત્યાં એક રાજાની રાણીની ગોલીનો વર ગોલો, આ વાણિયાની દુકાને કાંઈ ચીજ લેવા આવ્યો. વાણિયો ગાંડા જેવો બેઠો હતો તે જોઈ. તેણે તેને પૂછયું. ''વાણિયાભાઈ! ગાંડા જેવા કેમ દેખાઓ છો? શરીરે તો સારું છે ને?



વાણિયો કહે : ''અરે ભાઈ! એક મોટું દુ:ખ આવી પડયું છે?''

ગોલો કહે : ''એવું તે શું દુ:ખ છે? કહો તો ખરા!''

વાણિયો કહે :

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,
પીપળપાન ખર્યાં,
ભેંશશિંગ પડયાં,

નદી નપાણી,
કોયલ કાણી,
અને વાણિયો દીવાનો.''

ગોલો તો એટલો બધો મૂંઝાયો કે એ તો ઘેર જઈને લમણે હાથે દઈને બેઠો. ત્યાં ગોલી આવી.

ગોલી કહે : ''હેં ગોલારાણા ! આમ મૂંઝાવણમાં કેમ બેઠા છો ?''

ગોલો કહે : ''કીધાની વાત નથી ! જુલમ થઈ ગયો છે.''

ગોલી કહે : ''કહો તો ખરા ! કીધા વિના શી ખબર પડે ?''

ગોલો કહે :

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,
પીપળપાન ખર્યાં,
ભેંશશિંગ પડયાં,
નદી નપાણી,
કોયલ કાણી,
વાણિયો દીવાનો,
અને ગોલો મૂંઝાણો.''

ગોલી તો ગોલાની દશા જોઈને રોતી રોતી રાણી પાસે ગઈ. રાણી ગોલીને જોઈને કહે: ''અરે! તું રોતી રોતી કેમ આવી? ઘરમાં શું થયું છે?''

ગોલી કહે: ''અરે બા! કીધાની વાત નથી. ભૂંડું થયું છે!''

રાણી કહે: ''શું છે? કહે તો ખરી ઝટ! કંઈ ઉપાય તો થાય?

ગોલી કહે:

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,
પીપળપાન ખર્યાં,
ભેંશશિંગ પડયાં,
નદી નપાણી,
કોયલ કાણી,
વાણિયો દીવાનો,
ગોલો મૂંઝાણો,
અને ગોલી રોતી.''



રાણી કહે: ''આ તો ગજબ થયો! હવે આ બધું દુ:ખ ભૂલવા હું તો નાચવા માંડીશ. નાચવામાં બધું દુ:ખ વિસારે પડશે.

એમ કહી રાણી નાચવા લાગી.

ત્યાં કુંવર આવ્યો.

કુંવર કહે: ''મા, મા,! આ શું કરો છો? તમને શું થયું છે?''

રાણી કહે: ''ભાઈ! ભારે દુઃખ પડ્યું છે, તે ભૂલવા માટે નાચું છું.''

કુંવર કહે: ''માડી! કહો તો ખરાં? તમને શું દુઃખ હોય?''

રાણી કહે:

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,
પીપળપાન ખર્યાં,
ભેંશશિંગ પડ્યાં,
નદી નપાણી,
કોયલ કાણી,
વાણિયો દીવાનો,
ગોલો મૂંઝાણો,
ગોલી રોતી,
અને રાણી નાચતી.''

કુંવર કહે: ''ત્યારે લ્યો હું હવે ઢોલકું વગાડું, એટલે નાચ સારો થાય!''

એમ કહી કુંવર ઢોલકું વગાડવા લાગ્યો.

એટલામાં રાજાને ખબર પડી એટલે એ પણ

આવ્યો. અને બધી વાત જાણી એટલે પોતે તાળી પાડવા લાગ્યો.

પછી તો સૌ સાથે બોલવા લાગ્યાં :-

''કૂકડી પડી રંગમાં,
કૂકડો શોકઢંગમાં,
પીપળપાન ખર્યાં,
ભેંશશિંગ પડયાં,
નદી નપાણી,
કોયલ કાણી,
વાણિયો દીવાનો,
ગોલો મૂંઝાણો,
ગોલી રોતી,
રાણી નાચતી,
કુંવર ઢોલ ઢીબે,
ને રાજા તાળી ટીપે.''



☆ ☆ ☆

# કાગડો અને ઘઉંનો દાણો

એક ખેડૂતની સ્ત્રી એક વાર ગામને પાદર ઘઉં સાફ કરતી બેઠી હતી. એટલામાં એક કાગડો આવ્યો અને સૂંડલીમાંથી એક દાણો લઈ ઝાડ પર બેઠો. ખેડૂતની સ્ત્રીને



બહુ ખીજ ચડી એટલે કાગડાને એક એવો તો પથ્થરો માર્યો કે કાગડો 'કૉ કૉ કરતો ઝાડ પરથી નીચે પડયો અને ઘઉંનો દાણો ઝાડની એક ફાટમાં ભરાયો. ખેડૂતની સ્ત્રી એકદમ કાગડા પાસે ગઈ અને તેને પાંખથી પકડીને કહે: ''મારો ઘઉંનો દાણો લાવ, નહિતર હમણાં જ મારી નાખું.''

કાગડો કહે ''મહેરબાની કરી છોડી દે; હું તારો ઘઉંનો દાણો હમણાં જ લાવી આપીશ.''

કાગડો તો પછી ઝાડ પાસે ગયો અને ફાટમાં દાણો પેસી ગયો હતો એટલે ઝાડને કહે: ''ઝાડ, ઝાડ! દાણો દે.''

ઝાડ કહે: ''હું તો નહિ દઉં.''

પછી કાગડો સુતાર પાસે ગયો.

કાગડો કહે :

**''સુતાર, સુતાર! ઝાડ કાપ,**
**ઝાડે મારો દાણો લીધો,**
**માંગું છું પણ આપે નહિ.''**

સુતાર કહે : ''હું તો કાંઈ ઝાડ કાપતો નથી.''

પછી કાગડો ગયો રાજા પાસે. રાજા પાસે જઈને કાગડો રાજાને કહે :





**''રાજા, રાજા ! સુતારદંડ**
**સુતાર ઝાડ કાપે નહિ,**
**ઝાડે મારો દાણો લીધો,**
**માગું છું પણ આપે નહિ.''**

રાજા કહે : ''હું તો કાંઈ સુતારને દંડતો નથી.''

પછી કાગડો ગયો રાણી પાસે. જઈને રાણીને કહે :

**''રાણી, રાણી ! રાજાથી રિસા.**
**રાજા સુતાર દંડે નહિ,**
**સુતાર ઝાડ કાપે નહિ,**
**ઝાડે મારો દાણો લીધો,**
**માંગું છું પણ આપે નહિ.''**

રાણી કહે : ''હું તો કાંઈ રાજાથી રિસાતી નથી.''

પછી કાગડો ગયો સાપ પાસે. સાપ પાસે જઈને કાગડો કહે :



**''સાપ સાપ !**
**રાણીને ડસ.**
**રાણી રાજાથી**
**રિસાય નહિ,**
**રાજા સુતાર દંડે નહિ,**
**સુતાર ઝાડ કાપે નહિ,**

ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

સાપ કહે : હું તો કાંઈ કોઈને ડસતો નથી.''

પછી કાગડો ગયો ધોકા પાસે. જઈને ધોકાને કહે :

''ધોકા, ધોકા ! સાપ માર.
સાપ રાણી ડસે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર ઝાડ કાપે નહિ,
ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

ધોકો કહે : ''હું તો કાંઈ સાપને મારતો નથી.''

પછી કાગડો ગયો આગ પાસે. જઈને આગને કહે :

''આગ આગ ! ધોકો બાળ.
ધોકો સાપ મારે નહિ,
સાપ રાણી ડસે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર ઝાડ કાપે નહિ,
ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

આગ કહે : ''હું તો કાંઈ ધોકાને બાળતી નથી.''

પછી કાગડો ગયો સમુદર પાસે. જઈને સમુદરને કહે:

''સમુદર! સમુદર! આગ બુઝાવ.
આગ ઘોકો બાળે નહિ,
ઘોકો સાપ મારે નહિ,
સાપ રાણી ડસે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર ઝાડ કાપે નહિ,
ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

સમુદર કહે : ''હું તો કાંઈ આગ ઓલવતો નથી.''

પછી કાગડો ગયો હાથી પાસે. જઈને હાથીને કહે :

''હાથી, હાથી! સમુદર સોસ.
સમુદર આગ બુઝાવે નહિ,
આગ ઘોકો બાળે નહિ,
ઘોકો સાપ મારે નહિ,
સાપ રાણી ડસે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર ઝાડ કાપે નહિ,
ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

હાથી કહે : ''હું તો કાંઈ સમુદરને સોસતો નથી.''

પછી કાગડો દોરડા પાસે જઈને દોરડાને કહે :

''દોરડા, દોરડા! હાથી બાંધ.
હાથી સમુદર સોસે નહિ,
સમુદર આગ બુઝાવે નહિ,
આગ ધોકો બાળે નહિ,
ધોકો સાપ મારે નહિ,
સાપ રાણી ડસે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર ઝાડ કાપે નહિ,
ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

દોરડું કહે : ''હું તો કાંઈ હાથીને બાંધતું નથી.''

પછી કાગડો ગયો ઉંદર પાસે. જઈને ઉંદરને કહે :

''ઉંદર, ઉંદર! દોરડું કાપ.
દોરડું હાથી બાંધે નહિ,
હાથી સમુદર સોસે નહિ,
સમુદર આગ બુઝાવે નહિ,
આગ ધોકો બાળે નહિ,
ધોકો સાપ મારે નહિ,
સાપ રાણી ડસે નહિ,

રાણી રાજાથી રિસાય નહિ;
રાજા સુતાર દંડે નહિ,
સુતાર ઝાડ કાપે નહિ,
ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

ઉંદર કહે : ''હું તો કાંઈ દોરડું કાપતો નથી.''

પછી કાગડો ગયો બિલ્લી પાસે. જઈને બિલ્લીને કહે :

''બિલ્લી, બિલ્લી ઉંદર ખા.
ઉંદર દોરડું કાપે નહિ,
દોરડું હાથી બાંધે નહિ,
હાથી સમુદર સોસે નહિ,
સમુદર આગ બુઝાવે નહિ,
આગ ધોકો બાળે નહિ,
ધોકો સાપ મારે નહિ,
સાપ રાણી ડસે નહિ,
રાણી રાજાથી રિસાય નહિ,
રાજા સુતાર દંડે નહિ,
સુતાર ઝાડ કાપે નહિ,
ઝાડે મારો દાણો લીધો,
માંગું છું પણ આપે નહિ.''

બિલ્લીએ ઉંદરનું નામ સાંભળ્યું કે તરત જ તે ઉંદર




ખાવા દોડી. ઉંદર બિલ્લીને આવતી જોઈ દોરડું કાપવા દોડયો. કપાવાની બીકે દોરડું હાથીને બાંધવા લાગ્યું. હાથી બંધવાની બીકે સમુદર ઊલેચવા લાગ્યો. સમુદર ઉલેચાવા લાગ્યો એટલે એ આગ ઓલવવા ગયો. આગ ઓલવાવા લાગી એટલે તે ધોકો બાળવા લાગી. એટલે ધોકો સાપને મારવા લાગ્યો. સાપનેં માર લાગ્યો એટલે તે રાણીને ડસવા દોડયો. રાણીને સાપની બીક લાગી એટલે રાણી રાજાથી રિસાઈ ગઈ. રાણી રાજાથી રિસાઈ એટલે રાજાએ સુતારને બોલાવ્યો. સુતારને દંડાવાની બીક લાગી એટલે એ વાંસલો લઈને ઝાડ કાપવા દોડયો. અને ઝાડે સુતારને આવતો જોઈને ઘઉંનો દાણો કાગડાને આપી દીધો !

પછી કાગડો ઘઉંનો દાણો લઈને પેલી ખેડૂતની સ્ત્રીને જઈને આપી આવ્યો.

ખાધું પીધું ને મોજ કરી.......

☆ ☆ ☆

## કાગડો અને કોઠીંબું



એક હતું કોઠીંબું.

તે વાડયે વાડયે દડયું જતું હતું.

ત્યાં એક કાગડો ઊડતો ઊડતો આવ્યો.

કોઠીંબાને જોઈને કાગડાને તે ખાવાનું મન થઈ ગયું.

કાગડો જ્યાં ચાંચ લાંબી કરીને કોઠીંબાને ખાવા જાય ત્યાં તો કોઠીંબું કહે :

''બાપુ ! આવી ગુવાળી ચાંચે મને ન ખવાય. ક્યાંકથી પાણી લઈ ધોઈ આવ.''

કાગડો તો ચાંચ ધોવા કૂવા પાસે ગયો જઈને કૂવાને કહે :

**''કૂવા, કૂવા, કૂવાદેવા !**
**આંગણ આવ્યા કાગદેવા.**
**આલો પાણીડાં,**
**ધોઉ ચાંચૂડી**
**ખાઉ કોઠીંબુ,**
**બડુક બડુક વાગે.''**

કૂવો કહે : ''પાણી જોઈતું હોય તો કુંભારને ત્યાંથી ઘડૂલો લઈને આવ ને પાણી સીંચી લે.''

કાગડો તો ઊડતો ઊડતો કુંભારવાડે ગયો. જઈને કુંભારને કહે :



''કુંભાર કુંભાર, કુંભારદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો ઘડૂલો
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચૂડી,
ખાઉં કોઠીંબુ,
બહુક બહુક વાગે.''

કુંભાર કહે: ''માટી લાવ તો રૂપાળો ઘડૂલો ઘડી દઉં.''

એટલે કાગડો ગયો ટીંબા પાસે. જઈને ટીંબાને કહે :


''ટીંબા, ટીંબા, ટીંબાદેવા !
આંગણ આવ્યા કાગદેવા.
આલો માટુડી
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાંચુડી
ખાઉં કોઠીંબું,
બહુક બહુક વાગે.''

ટીંબો કહે: ''મરગલાની શિંગડી લઈને ખોદી લે. ના કોણ પાડે છે?''

કાગડો તો ઊડતો ઊડતો ગયો મરગલા પાસે. મરગલાને કહે :

''મરગ, મરગ, મરગદેવા!
આંગણ આવ્યા કાગદેવા.

આલો શિંગલડી,
ખોદું માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાચૂંડી,
ખાઉં કોઠીંબું,
બડુક બડુક વાગે.''



મરગ કહે : ''મને મારીને મારું શિગડું લઈલે; કૂતરાને બોલાવી આવ એટલે તે મને મારી નાખશે.''

કાગડાભાઈ તો કૂતરા પાસે ગયા, ને કહે :

''કુત્તા, કુત્તા, કુત્તાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
મારો મરગલા,
લઉં શિંગલડી,
ખોદું માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,



ધોઉં ચાચૂંડી,
ખાઉં કોઠીંબું,
બહુક બહુક વાગે.''

કૂતરો કહે: ''ભાઈ! હું બહુ ભૂખ્યો છું માટે ગાયનું દૂધ લાવી દે તો દૂધ પીને હરણ મારવા જાઉં.''

કાગડો ગાય પાસે ગયો. જઈને કહે:

''ગવરી, ગવરી, ગવરીદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો દૂધલડાં,
પાઉં કુત્તલા,
મારે મરગલા,
લઉ શિંગલડી,
ખોદું માટુડી,
દઉ કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાચૂંડી,
ખાઉં કોઠીંબું,
બહુક બહુક વાગે.''

ગાય કહે: ''હું બહુ ભૂખી છું. મને સારી પેઠે ખડ ખવરાવીને દૂધ દોઈ લે.''

પછી કાગડો સીમમાં ખડ લેવા ગયો. જઈ ને

સીમને કહે :

''સીમ, સીમ, સીમદેવા !
આંગણ આવ્યા કાગદેવા.
આલો ખડલાં,
નીરું ગવરીને,
દોઉ દૂધલડાં,
પાઉં કુત્તલાં,
મારે મરગલા,
લઉ શિંગલડી,
ખોદું માટુડી,
દઉ કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાચૂંડી,
ખાઉં કોઠીંબું,
બહુક બહુક વાગે.''

સીમ કહે : ભાઈ ! લુહારને ત્યાંથી દારતડું લઈ આવ અને ખડ વાઢી લે.''

કાગડો તો લુહાર પાસે ગયો. જઈને લુહારને કહે :

''લુહાર, લુહાર, લુહારદેવા !
આંગણ આવ્યા કાગદેવા.
આલો દાંતરડાં,



વાઢું ખડલાં,
નીરું ગવરીને,
દોઉ દૂધલડાં,
પાઉં કુત્તલાં,
મારે મરગલા,
લઉ શિંગલડી,
ખોદું માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડૂલો,
સીંચું પાણીડાં,
ધોઉં ચાચૂંડી,
ખાઉં કોઠીંબું,
બહુક બહુક વાગે.''

લુહાર કહે: ''લે આ દાતરડું.''

કાગડો દાતરડું લઈને સીમમાં ગયો; ત્યાંથી ખડ લઈને ગાયને ખવરાવ્યું ને પછી દૂધ લઈને કૂતરાને પાયું; કૂતરો મરગલાને મારવા દોડ્યો એટલે તેણે શિંગડું આપી દીધું; કાગડે શિંગડું લઈ ટીંબેથી માટી લીધી અને કુંભાર પાસેથી ઘડૂલો લીધો. પછી કૂવામાંથી પાણી કાઢીને પોતાની ચાંચ સાફ ધોઈ નાખી ને કોઠીંબું ખાધું.

★ ★ ★

## પાલીમાં પાંચ ઉંદરડા

એક પાલીમાં પાંચ ઉંદરડા હતાં. એક ઉંદરડાની પૂંછડી મોટી હતી. તેને બીજા ચારે ઉંદરડા કહે'' ''અમે તને નહિ રમાડીએ.''

પેલો મોટી પૂંછડીવાળો ઉંદર બોલ્યો: ''શું કામ?


પેલા ચાર ઉંદરો કહે: ''તારી પૂંછડી મોટી છે માટે કપાવી આવ.''

પછી તે પૂંછડી કપાવા સુતાર પાસે ગયો અને કહ્યું: ''સુતાર, સુતાર! શું કરે છે?''

સુતાર કહે: ''આ બેઠો છું.''

ઉંદર કહે: ''ત્યારે મારી પૂંછડી કાપી દે ને?''

સુતારે પૂંછડી કાપી આપી.



પૂંછડી કપાવીને ઉંદર તો પાછો ચારે ભાઈબંધ પાસે ગયો.

તે બોલ્યો: ''તારી પૂંછડી તો લોહીવાળી છે માટે અમે તને નહિ રમાડીએ. જા, ફરી પૂંછડી સંધાવી આવ.''

પછી પેલો ઉંદર સુતાર પાસે પૂંછડી સંધાવવા ગયો. ''સુતાર, સુતાર! મારી પૂંછડી સાંધી દે.''

સુતાર કહે : ''મને પૂંછડી સાંધી દેતાં ન આવડે.''

ઉંદર કહે :

**''પૂંછડી સાંધ, નહિ તો છોડિયું લઈ ને ભાગું;**
**પૂંછડી સાંધ નહિ તો છોડિયું લઈ ને ભાગું.''**

એમ કરતોક ને છોડિયું લઈને ભાગ્યો તે એક ડોશીને ઘેર ગયો. ડોશી તો પગ બાળીને રોટલો કરતી હતી. તેને ઉંદરે કહ્યું : ''ડોશી, ડોશી! શું કરે છે?''

ડોશી કહે : ''આ ભાઈ પગ બાળીને રોટલા કરું છું.''

ઉંદર કહે : ''લે ને આ છોડિયું?''

ડોશી કહે : ''લાવ ને, બાપુ! છોડિયું દે તો તારો જ પાડ.''

ઉંદર તો છોડિયું આપીને રમવા ગયો. રમીને પાછો આવ્યો એટલે ડોશીને કહે : ''ડોશી, ડોશી! છોડિયું દે.''

ડોશી કહે : ''છોડિયું તો બળી ગયું!''

ઉંદર કહે :

**''છોડિયું દે, નહિ તો રોટલો લઈ ને ભાગું;**
**છોડિયું દે, નહિ તો રોટલો લઈ ને ભાગું.''**

પછી તો ઉંદર જે રોટલો લઈને ભાગ્યો તે એક કુંભાર ગારો ખાતો હતો ત્યાં ગયો.

કુંભારને જઈને પૂછયું: ''કુંભાર, કુંભાર! શું કરે છે?''

કુંભાર કહે: ''આ ગારો ખાઉં છું.''

ઉંદર કહે: ''ત્યારે લે આ રોટલો ખા.''

કુંભાર કહે: ''લાવ ને, ભાઈ! રોટલો દે તો તારો જ પાડ.''

કુંભાર તો રોટલો ખાઈ ગયો.


ઉંદર પાછો આવીને એને કહેવા લાગ્યો: ''કુંભાર, કુંભાર! રોટલો લાવ.''

કુંભાર કહે: ''રોટલો તો હું ખાઈ ગયો!''

ઉંદર કહે:

**''રોટલો લાવ, નહિ તો દોણું લઈ ને ભાગું;**
**રોટલો લાવ, નહિ તો દોણું લઈ ને ભાગું.''**

એમ કહીને દોણું લઈને જે ભાગ્યો તે એક ડોશી ખાંડણિયામાં દૂધ દોતી હતી ત્યાં ગયો, અને કહ્યું: ''ડોશી, ડોશી! શું કરે છે?''



ડોશી કહે : ''આ ભાઈ ખાંડણિયામાં દૂધ દોઉં છું.''

ઉંદર કહે : ''ત્યારે લે ને આ દોણામાં જ દો ને?''

ડોશી કહે : ''લાવ ને, ભા ! દોણું દે તો તારો જ પાડ !''

ડોશીએ તો દોણું લીધું અને તેમાં દૂધ દોયું. દો'તાં દો'તાં દોણું ફૂટી ગયું ને દૂધ ઢોળાઈ ગયું. એટલામાં પેલો ઉંદર રમવા ગયો હતો ત્યાંથી પાછો આવ્યો.

ઉંદર કહે : ''ડોશીમા ! દોણું લાવો.''

ડોશી કહે : ''ભાઈ ! દોણું તો ફૂટી ગયું, અને દૂધ પણ ઢોળાઈ ગયું છે.''

ઉંદર કહે :

**''દોણું લાવ, નહિ તો ભેંશ લઈને ભાગું;**
**દોણું લાવ, નહિ તો ભેંશ લઈને ભાગું.''**

એમ કહીને ઉંદર જે ભેંશ લઈને ભાગ્યો તે બજાણિયા ખેલ કરતા હતા ત્યાં ગયો. જઈને બજાણિયાને કહે : ''બજાણિયા, બજાણિયા ! શું કરો છો ?''

બજાણિયા કહે : ''આ ભાઈ રમીએ છીએ.''

ઉંદર કહે : ''આ મારી ભેંશને બહુ જ સારું રમતાં આવડે છે.''

બજાણિયો કહે : ''ત્યારે તો ચડાવ ને, ભાઈ ! દોરડા ઉપર !''

પછી ભેંશને તો ચડાવી દોરડા ઉપર. પણ ભેંશ તો દોરડા ઉપરથી નીચે પડીને મરી ગઈ. ત્યાં ઉંદરભાઈ પાછા આવ્યા.

ઉંદર કહે: ''મારી ભેંશ લાવો.''

બજાણિયા કહે: ''ભાઈ! ભેંશ તો નીચે પડી ગઈ અને જીવ નીકળી ગયો.''

ઉંદર કહે:

**''ભેંશ લાવ, નહિ તો ઢોલકું લઈને ભાગું;**
**ભેંશ લાવ, નહિ તો ઢોલકું લઈને ભાગું.''**

ઉંદર તો ઢોલકું લઈને ભાગ્યો અને એક ઊંચો ટેકરો હતો ત્યાં ચડ્યો; અને તેની ઉપર બેસીને ઢોલકું ઢબક ઢબક વગાડવા લાગ્યો.

☆ ☆ ☆

## ઊંટ પગ સડે

એક હતી કીડી.

એ ચાલી જતી હતી ત્યાં એક ઊંટના પગ તળે કચરાઈ. કીડીએ ઊંટને શાપ આપ્યો: ''ઊંટપગ સડે.''

ત્યાં તો ઊંટનો પગ સડી ગયો.

સડેલા પગવાળો ઊંટ એક પીપળાના પાન ખાવા ગયો.

પીપળો કહે: ''કેમ ભાઈ! તમારો પગ કેમ સડી ગયો? શું થયું છે? કાલે તો તમારો પગ સાજોસારો હતો.''

પીપળો કહે: ''કીડીબાઈનો શાપ લાગ્યો છે:

**''ઊંટપગ સડે, ને**
**પીપળપાન ખરે.''**

ત્યાં તો પીપળાનાં બધાંય પાન ખરીને નીચે પડયાં.

એટલામાં ત્યાં એક હોલો આવ્યો. પાન વિનાનો પીપળો જોઈ ને હોલો કહે: ''પીપળાભાઈ, પીપળાભાઈ! હજુ હમણાં જ તમારાં લીલાંછમ પાંદડા આમ આમ હલતાં હતાં ને આ ઘડીકમાં તે શું થઈ ગયું? બધાંય પાંદડાં શાથી ખરી ગયાં?''


પીપળો કહે: ''અરે ભાઈ! તમને ખબર નથી? કીડીબાઈનો શાપ લાગ્યો છે!

**''ઊંટપગ સડે,**
**પીપળપાન ખરે, ને**
**નપંખા હોલા''**

ત્યાં તો હોલો બિચારો નપંખો થઈ ગયો; એની બંને પાંખો ખરી પડી.

હોલો તો તરસ ખૂબ લાગી હતી એટલે હળવે હળવે ચાલતો ચાલતો નદીએ પાણી પીવા ગયો.

નપંખા હોલાને જોઈ નદી તો વિચારમાં પડી ગઈ.



તે કહે: ''અરે હોલાભાઈ! આ તમને શું થયું? ઘડીક પહેલાં તો બેય પાંખે ઊડતા ઊડતા પાણી પીવા આવ્યા હતા, ને હવે તો એકેય પાંખ નથી?''

હોલો કહે: ''જાણતી નથી, બહેન? કીડીબાઈનો શાપ લાગ્યો છે:


''ઊંટપગ સડે,
પીપળપાન ખરે,
નપંખા હોલા, ને
નપાણી નદી.''

ત્યાં તો મોટી બધી નદી સુકાઈ ગઈ.

ઘડીક થઈ ત્યાં એક શિયાળ પાણી પીવા આવ્યું. નદીમાં તો કાંકરા ઊડતા હતા. ખાલીખમ નદી જોઈને શિયાળે કહ્યું: ''નદીબાઈ, નદીબાઈ! કાલે તો રૂપાળાં બે કાંઠામાં વહ્યાં જતાં હતાં ને આજે આમ કોરાંધાકોર કેમ થઈ ગયાં? એકદમ તમને શું થયું?''

નદી કહે: ''બાપુ! કીડીબાઈનો શાપ લાગ્યો છે:

''ઊંટપગ સડે,
પીપળપાન ખરે,
નપંખા હોલા,
નપાણી નદી, ને



**બાંડા શિયાળ.''**

ત્યાં તો શિયાળ બાંડું થઈ ગયું. એનું પૂંછડું ખરીને નીચે પડ્યું.

ત્યાંથી શિયાળ વનમાં ચાલ્યું. રસ્તામાં તેને એક ગોવળિયો મળ્યો.

ગોવાળ કહે: ''શિયાળ, શિયાળ! તું બાંડું કેમ? તારી પૂંછડી ક્યાં ગઈ?''

શિયાળ કહે : ''એ તો કીડીબાઈનો શાપ લાગ્યો છે:



**''ઊંટપગ સડે,**
**પીપળપાન ખરે,**
**નપંખા હોલા,**
**નપાણી નદી,**
**બાંડા શિયાળ, ને**
**બેરિયા ગોવાળ.''**

ત્યાં તો ગોવળ બેરો થઈ ગયો. ગોવાળ તો ગાયો ચારતો ચારતો સીમ ભણી ચાલ્યો. ત્યાં તેને એક ભથવારી મળી.

ભથવારીએ ગોવાળને ગામનો રસ્તો પૂછ્યો પણ સાંભળે કોણ?

ભથવારી તો ગોવાળની પાસે ગઈને તાણીને

બોલીઃ ''અરે ભાઈ! તમે બેરા કે' દિવસ થયા? આજ તો કાંઈ સાંભળતા જ નથી?''

ગોવળ કહે: ''તને ક્યાં ખબર છે? કીડીબાઈ નો શાપ લાગ્યો છે:



''ઊંટપગ સડે,
પીપળપાન ખરે,
નપંખા હોલા,
નપાણી નદી,
બાંડા શિયાળ,
બેરિયા ગોવાળ, ને
ધૂણતી ભથવારી.''

ત્યાં તો ભથવારી ધૂણવા લાગી: ધુ ધુ....ધુ, ધુ ધુ...ધુ!'' એ તો ધૂણતી ધૂણતી ગામને પાદર આવી.

ત્યાં એને એક પાણિયારી મળી. ભથવારીને ધૂણતી જોઈ પાણિયારી કહે: ''અરે બહેન! આ તે તને શું થયું છે? સીમમાંથી કાંઈ ઝોડબોડ તો નથી વળગ્યું ના?''

ભથવારી કહે: ''ઝોડ કાંઈ નથી વળગ્યું પણ કીડીબાઈનો શાપ લાગ્યો છે:

ત્યાં તો પાણિયારી બકવા લાગી.

''ઊંટપગ સડે,
પીપળપાન ખરે,
નપંખા હોલા,
નપાણી નદી,
બાંડા શિયાળ,



**બેરિયા ગોવાળ,**
**ઘૂણતી ભથવારી, ને**
**બકતી પાણિયારી.''**

ત્યાં તો પણિયારી બકવા લાગી.

બકતી બકતી પાણિયારી ગમના ચોરા પાસેથી નીકળી.

ડાયરામાંથી એક જણે પૂછ્યું : ''એ પાણિયારી, પાણિયારી ! કેમ કાંઈ ગાંડી થઈ ગઈ છે ? બકતી બકતી કેમ ચાલી જાય છે ?''

પાણિયારી કહે : ''ભાઈ ! ગાંડી તો કાંઈ નથી. આ તો કીડીબાઈનો શાપ લાગ્યો છે :

**''ઊંટપગ સડે,**
**પીપળપાન ખરે,**
**નપંખા હોલા,**
**નપાણી નદી,**
**બાંડા શિયાળ,**
**બેરિયા ગોવાળ,**
**ઘૂણતી ભથવારી,**
**બકતી પાણિયારી, ને**
**નમૂછિયો ડાયરો.''**

ત્યાં તો ડાયરાના બધા માણસો નમૂછિયા થઈ ગયા ને રાગ કાઢીને ગાવા ને નાચવા લાગ્યાં :



★ ★ ★

# એક ઉંદરની વાર્તા

એક હતો ઉંદર. એની પૂંછડીમાં એક કાંટો વાગ્યો. તે ગયો હજામ પાસે. જઈને કહે: ''હજામ હજામ! કાંટો કાઢ.''

હજામ ચીપિયાથી કાંટો કાઢવા બેઠો.

ઉંદર કહે: ''મારી પૂંછડી તૂટશે તો?''

હજામ કહે: ''તો મારી બલા ગઈ!''

હજામ જ્યાં કાંટો કાઢવા ગયો ત્યાં તો પૂંછડી તૂટી ગઈ.

ઉંદર કહે:

''પૂંછડી દે, નહિ તો ચીપિયો લઈને ભાગું,
પૂંછડી દે, નહિ તો ચીપિયો લઈ ને ભાગું.''

એમ કહેતો ને ઉંદર ચીપિયો લઈને ભાગ્યો.

ભાગીને ઉંદર ગયો એક કુંભાર પાસે.

કુંભારને પગે કાંટો વાગ્યો હતો. તે બિચારો હાથે કાંટો કાઢતો હતો.

ઉંદર કહે: ''કુંભારકાકા, કુંભારકાકા! લ્યો આ મારો ચીપિયો: કાંટો એનાથી જ કાઢો ને?''

કુંભારે તો ચીપિયો લીધો.

ઉંદર કહે: ''પણ મારો ચીપિયો ભાંગી જશે તો?''

કુંભાર કહે: ''તો મારી બલા ગઈ.''

કુંભાર કાંટો કાઢવા લાગ્યો ત્યાં તો ચીપિયો ભાંગી ગયો.

ઉંદર કહે:

**''ચીપિયો દે, નહિ તો મટકું લઈ ભાગું,**
**ચપિયો દે, નહિ તો મટકું લઈને ભાગું.''**

એમ કહેતોક ને ઉંદર મટકું લઈને ભાગ્યો.

ત્યાંથી ઉંદર ગયો એક કણબી પાસે.

કણબી ખોબે ખોબે પાણી પીતો હતો.

ઉંદર કહે: ''લે ને ભાઈ આ મટકું! હાથેથી પાણી પીછ તે આનાથી પી ને!''

કણબી કહે: ''લાવ ને ભાઈ''

ઉંદર કહે: ''પણ મારું માટલું ફૂટી જશે તો?''

કણબી કહે: ''તો મારી બલા ગઈ.''

પાણી પીતાં પીતાં મટકું ફૂટી ગયું.

ઉંદર કહે :

**''મટકું દે, નહિ તો બળદ લઈને ભાગું,**
**મટકું દે, નહિ તો બળદ લઈને ભાગું.''**

એમ કહેતોક ને ઉંદર કણબી પાસેથી બળદ લઈને ભાગ્યો.

ત્યાંથી ઉંદર ગયો ઘાંચી પાસે.

ઘાંચીએ ઘાંચણને ઘાણીએ જોડી હતી.

ઉંદર કહે : ''અરે ભાઈ! આ બળદ જોડ ને? બાયડીને શું કામ જોડી છે?''

ઘાંચી કહે : ''લાવ ભાઈ! એને જોડું.''

ઉંદર કહે : ''પણ મારો બળદ મરી જાય તો?''

ઘાંચી કહે : ''મારી બલા ગઈ.''

ઘાણી ફેરવતાં બળદ મરી ગયો.

ઉંદર કહે :

**''બળદ દે, નહિ તો બાયડી લઈને ભાગું.**
**બળદ દે, નહિ તો બાયડી લઈને ભાગું.''**

એમ કહેતોક ને ઉંદર બાયડી લઈ ને ભાગ્યો.

ત્યાંથી ગયો એક ગોડિયા પાસે.

ગોડિયો એકલો એકલો ખેલ કરતો હતો.

ઉંદર કહે: ''અરે ગોડિયાભાઈ! એકલા એકલા ખેલ કરો છો તે આ બાયડી લ્યો ને?''

ગોડિયો કહે: ''લાવ ને ભાઈ!''

ઉંદર કહે: ''પણ એ મરી જાય તો?''

ગોડિયો કહે: ''તો મારી બલા જાય.''

બાયડીને તો દોરડા ઉપર ચડાવી. પણ ત્યાંથી પડીને એ તો મરી ગઈ.

ઉંદર કહે:


**''લાવ મારી બાયડી, નહિ તો ઢોલકું લઈ ને ભાગું;**
**લાવ મારી બાયડી, નહિ તો ઢોલકું લઈ ને ભાગું.''**

એમ કહેતોક ને ઉંદર ઢોલકું લઈને ભાગ્યો.

ઉંદરભાઈ તો પછી ઝાડ ઉપર ચડીને બેઠા ને ઢોલકું વગાડવા લાગ્યા:

**''ઢૂમ, ઢૂમ ઢૂમ, ઢૂમ, ઢૂમ, ઢૂમ!**
**પૂંછડીમાંથી ચીપિયો લીધો,**
**ચીપિયામાંથી મટકું લીધું;**
**ઢૂમ, ઢૂમ ઢૂમ, ઢૂમ, ઢૂમ, ઢૂમ!**
**મટકામાંથી બળદ લીધો**
**બળદમાંથી બાયડી લીધી;**
**ઢૂમ, ઢૂમ ઢૂમ, ઢૂમ, ઢૂમ, ઢૂમ!**
**બાયડીમાંથી ઢોલકું લીધું;**

ઢૂમ, ઢૂમ ઢૂમ, ઢૂમ, ઢૂમ, ઢૂમ !''



★ ★ ★

## સાત પૂંછડીયો ઉંદર

એક હતો ઉંદર. એને સાત પૂંછડી હતી.

એક વાર એની માએ એને નિશાળે મોકલ્યો.

નિશાળે છોકરાં ઉંદરની સાત પૂંછડી જોઈને એને ખીજવવા લાગ્યાં :

''સાત પૂંછડિયો ઉંદર,
ભાઈ, સાત પૂંછડિયો ઉંદર !
સાત પૂંછડિયો ઉંદર.
ભાઈ, સાત પૂંછડિયો ઉંદર !''

ઉંદર તો રોતો રોતો ઘેર આવ્યો. એની મા કહે: ''શું કામ રડે છે ? નિશાળમાંથી પાછો કેમ આવ્યો ?''



ઉંદર કહે : ''એં, એં, એં ! મને બધા સાત પૂંછડિયો ઉંદર, સાત પૂંછડિયો ઉંદર, કહીને ખીજવે છે.''

મા કહે : ''કપાવી આવ એક પૂંછડી. જા સુતારને ત્યાં.''

ઉંદર તો સુતારને ત્યાં ગયો ને એક પૂંછડી કપાવી આવ્યો. ઉંદરને છ પૂંછડી રહી.

બીજે દિવસે ઉંદર નિશાળે ગયો ત્યાં છોકરાં પાછાં ખીજવવા લાગ્યાં :

**''છ પૂંછડિયો ઉંદર,**
**ભાઈ, છ પૂંછડિયો ઉંદર !**
**છ પૂંછડિયો ઉંદર.**
**ભાઈ, છ પૂંછડિયો ઉંદર !''**

પાછો ઉંદર તો ઊં, ઊં, ઊં, કરતો ઘેર આવ્યો ને ઘંટી નીચે રિસાઈ ને બેઠો.

એની મા કહે : ''ક્યાં ગયો ઉંદરડો? એલા જમવા ચાલ; ભૂખ નથી લાગી ?''

ઉંદર કહે : ''એં, એં, એં ! અમે નહિ જમીએ. અમને બધા છ પૂંછડિયો ઉંદર, છ પૂંછડિયો ઉંદર, એમ કહીને ખીજવે છે.''

મા કહે : ''જા પાછો, સુતારને ત્યાં એક પૂંછડી કપાવી આવ.''

ઉંદરભાઈ તો સુતાર પાસે ગયા ને વળી એક પૂંછડી કપાવી આવ્યા. હવે ઉંદરને પાંચ પૂંછડી રહી.

બીજે દિવસે ઉંદરભાઈ સ્લેટ અને પેન લઈ ને નિશાળે ગયા.

આઘેથી ઉંદરભાઈ ને આવતા જોઈ ને બધાં છોકરાં કહે: ''ઓ આવ્યા પેલાં ઉંદરભાઈ!''

ઉંદરની પાંચ પૂંછડી જોઈ ને છોકરાં તો વળી ખીજવવા લાગ્યાં:

**''પાંચ પૂંછડિયો ઉંદર,**
**ભાઈ, પાંચ પૂંછડિયો ઉંદર!**
**પાંચ પૂંછડિયો ઉંદર.**
**ભાઈ, પાંચ પૂંછડિયો ઉંદર!''**

ઉંદરભાઈ તો ખિજાયા ને હોં હોં, હોં, કરતા ઘેર આવ્યા ને પેટી ઉપર બેઠા.

એની મા કહે: ''વળી શું થયું? હેં, હેં, કરીને રડે છે શાનો?''

ઉંદર કહે: ''અમને બધાં પાંચ પૂંછડિયો ઉંદર, પાંચ પૂંછડિયો ઉંદર એમ કહીને ખીજવે છે.''

મા કહે: ''જા પાછો સુતારને ત્યાં ને કપાવીને આવ એક પૂંછડી.''

પછી તો ઉંદરભાઈને ચાર પૂંછડી રહી.

મા કહે: ''હવે જા નિશાળે. હવે તને કોઈ નહિ ખીજવે.''

પણ પાછા ઉંદરભાઈ નિશાળે ગયા ત્યાં તો બધાંય ખૂબ ખૂબ ખીજવવા લાગ્યાં. ઉંદરભાઈ તો પાછા મોટો રાગડો કાઢતા કાઢતા ઘેર આવ્યા ને મોં ચઢાવીને બેઠા.

મા કહે: ''ચાલ ને હવે ખાવા? મોં ચડાવીને શું બેઠો છે?''

ઉંદર કહે: ''એં, એં, એં? અમને બધા ખીજવે છે. હજી બધા કહે છે કે ચાર પૂંછડિયો ઉંદર, ચાર પૂંછડિયો ઉંદર. અમે હવે નિશાળે નહિ જઈએ!''

મા કહે: ''એમ તે થાય, બેટા! એક પૂંછડી કપાવી આવ.''

ઉંદરે વળી એક પૂંછડી કપાવી.

એટલે તો એને ત્રણ જ પૂંછડી રહી.

વળી પાછા ચોરણી પહેરીને ને એમાં પૂંછડી સંતાડીને ઉંદરભાઈ નિશાળે ગયા.

બધાં છોકરાં કહે: ''આજ તો ઉંદરભાઈ ચોરણી પહેરીને આવ્યા છે!''

પણ ઉંદરભાઈ જ્યાં મૂતરવા બેઠા ત્યાં તો બધાં ય એની ત્રણ પૂંછડી ભાળી ગયાં.

બધાં છોકરાં કહે: ''અહો! આ તો

''ત્રણ પૂંછડિયો ઉંદર,
ભાઈ, ત્રણ પૂંછડિયો ઉંદર !
ત્રણ પૂંછડિયો ઉંદર.
ભાઈ, ત્રણ પૂંછડિયો ઉંદર !''

ઉંદર તો રોતો રોતો ભાગી જ ગયો; અને ઘરમાં આવીને કોઠી નીચે ભરાઈ ને એં, એં, કરવા લાગ્યો,

પછી તો ઉંદરે ત્રીજી પૂંછડી કપાવી નાંખી; તો ય બધાં ખીજવવા લાગ્યાં, પછી તો એને એક પૂંછડી રહી.

નાહી ધોઈને ઉંદરજી પાછા નિશાળે ચાલ્યા. મા કહે : ''હવે તને કોઈ નહિ ખીજવે. હવે તારે એક જ પુંછડી છે.''

પણ ઉંદરભાઈને તો બધાંએ ખૂબ ખીજવ્યા, બધાં એક પૂંછડીને અડે ને ખીજવે :

''એક પૂંછડિયો ઉંદર,
ભાઈ, એક પૂંછડિયો ઉંદર !
એક પૂંછડિયો ઉંદર.
ભાઈ, એક પૂંછડિયો ઉંદર !''

ઉંદરભાઈ તો પાછા મોટી પોક મૂકતા મૂકતા ઘેર આવ્યા.

મા કહે: ''વળી રોતો રોતો આવ્યો? તને તે થયું છે શું?''

ઉંદર કહે: ''બા, બા! હજી મને બધાં ખીજવે

છે. કહે છે કે એક પૂંછડિયો ઉંદર, ભાઈ, એક પૂંછડિયો ઉંદર. બધાંને એક એક પૂંછડી છે તો ય ખીજવે છે.''

મા કહે : ''તો ત્યારે એક પૂંછડી પણ કપાવી આવ.''

પછી ઉંદરભાઈ તો બાંડા થઈ ગયા !

ઉંદરભાઈ તો નિશાળે ચાલ્યા. તે કહે : ''હવે ક્યાંથી ખીજવશે ? હવે તો પૂંછડી જ ક્યાં છે ?''

પછી નિશાળમાં ગયા ત્યાં તો બધાં છોકરાં ઉંદરભાઈ ને ઘેરી વળ્યાં અને પેરણ ઊંચું કરીને ખીજવવા લાગ્યાં :

**''બાંડો પૂંછડિયો ઉંદર,**
**ભાઈ, બાંડો પૂંછડિયો ઉંદર !**
**બાડો પૂંછડિયો ઉંદર.**
**ભાઈ, બાંડો પૂંછડિયો ઉંદર !''**

ઉંદરભાઈ તો સ્લેટપેન ફેંકીને ભાગ્યા. ઘરમાં આવીને લાંબા થઈ ને સૂતા ને મોટો ભેંકડો તાણીને રોવા લાગ્યા.

મા કહે : ''હવે શું છે ? હજી યે કેમ રોવા બેઠો છો ?''

ઉંદર કહે : ''હજી પણ મને તો બધાં ખીજવે છે. એમ કહે છે કે બાંડો ઉંદર, ભાઈ, બાંડો ઉંદર !''



ઉંદરની મા કહે : ''જા ત્યાં, સુતાર પાસે જઈને એક પૂંછડી પાછી સંધાવી આવ.''

ઉંદર તો સુતાર પાસે પૂંછડી સંધાવવા ગયો. જઈ ને કહે : ''સુતાર, સુતાર ! મારી પૂંછડી સાંધી દે ને ?''

સુતાર કહે : ''કપાઈ ગયેલી પૂંછડી તે કાંઈ સંધાતી હશે ? જા જા, પાછો જા.''

ઉંદર કહે :

**''સાંધ મારી પૂંછડી**
**નહિ તો વાંસલો લઈને ભાગું;**
**સાંધ મારી પૂંછડી,**
**નહિ તો વાંસલો લઈને ભાગું.''**

સુતારે પૂંછડી સાંધી દીધી નહિ એટલે ઉંદર વાંસલો લઈ ને ભાગ્યો.

રસ્તામાં તેને એક કઠિયારો મળ્યો. તે બિચારા પાસે વાંસલો ન હતો તેથી તે દાંતે લાકડાં કાપતો હતો.

ઉંદર કહે : ''ભાઈ ! દાંતે લાકડાં શા માટે કાપે છે ? આ લે ને મારો વાંસલો ! સારો મજાનો છે.''

કઠિયારો વાંસલે વાંસલે લાકડાં કાપવા લાગ્યો, ત્યાં તો વાંસલો ભાંગી ગયો. એટલે ઉંદર કહે :

''લાવ મારો વાંસલો,
નહિ તો લાકડું લઈને ભાગું;
લાવ મારો વાંસલો,
નહિ તો લાકડું લઈને ભાગું.''

કઠિયારો વાંસલો તો ક્યાંથી આપે? ઉંદરજી તો લાકડું લઈને ભાગ્યા.

આઘેરોક ગયો ત્યાં તેણે એક ડોશી જોઈ. ડોશી ચૂલામાં પગ બાળીને રોટલો કરતી હતી. ઉંદર ડોશી પાસે જઈને કહે: ''ડોશીમાં, ડોશીમાં! મફતના પગ શું કામ બાળો છો! આ લ્યો મારું લાકડું; આ લાકડું બાળીને રોટલો કરો.''

ડોશીએ તે લાકડું ચૂલામાં નાખ્યું. થોડી વાર થઈ ત્યાં તો લાકડું બળી ગયું, અને રોટલા પણ થઈ ગયા. ત્યાં તો ઉંદરભાઈ આવીને કહે: ''ડોશી, ડોશી! મારું લાકડું લાવ ને?''

ડોશી કહે: ''હવે તો ક્યાંથી પાછું આપું? એ તો બળી ગયું!''

ઉંદર કહે:

''લાવ મારું લાકડું
નહિ તો રોટલો લઈને ભાગું;
લાવ મારું લાકડું,
નહિ તો રોટલો લઈને ભાગું.''

એમ કહી ઉંદર તો રોટલો લઈ ને ભાગ્યો. ભાગતાં ભાગતાં એક કુંભારની ભઠ્ઠીએ ગયો. ત્યાં કુંભાર બેઠો બેઠો ગારો અને દોણામાંથી દહીં ખાતો હતો.

ઉંદર કુંભારને કહે: "અરે ભાઈ! ગારો અને દહીં શું કામ ખાય છે? લે ને આ રોટલો? દહીં ને રોટલો ખા તો પેટ ઠરે."

કુંભારે તો રોટલો ને દહીં ખાધાં ને હોઈયાં કર્યાં. ત્યાં ઉંદરભાઈ આવ્યા ને કહે:

**"લાવ મારો રોટલો**
**નહિ તો દોણું લઈને ભાગું;**
**લાવ મારો રોટલો,**
**નહિ તો દોણું લઈને ભાગું."**

કુંભાર રોટલો ક્યાંથી આપે? રોટલો તો પેટમાં પડ્યો હતો!

ઉંદરભાઈ રોટલાને બદલે દોણું લઈને ભાગ્યા. રસ્તામાં એક ભરવાડનું ઘર આવ્યું.

ભરવાડ પાસે દૂધ દોહવાનું ઠામ ન હતું. એટલે એ બિચારો ખાંડણિયામાં દૂધ દોતો હતો. ઉંદર તો તેની પાસે ગયો ને તેને કહે: "બાપુ! આવા ખાંડણિયામાં તે શીદને દૂધ દોવે છે? લે ને આ દોણું!"


ભરવાડ તો દોણું લઈને દૂધ દોવા બેઠો. ત્યાં ભેંશ ભડકી અને દોણાને પાટુ માર્યું. દોણું ફૂટી ગયું.

એટલામાં ઉંદર પાછો. આવ્યો ને દોણું માગવા લાગ્યો. તે કહે :

**''લાવ મારું દોણું,**
**નહિ તો ભેંશ લઈને ભાગું;**
**લાવ મારું દોણું**
**નહિ તો ભેંશ લઈને ભાગું.''**

ભરવાડ કાંઈ દોણું આપે તેમ ન હતો એટલે ઉંદરભાઈ તો ભેંશ લઈને ભાગ્યા.

ભાગતાં ભાગતાં એક ખેતર આવ્યું. કણબી હળ હાંકતો હતો. એનો એક બળદ મરી ગયો હતો એટલે બળદને બદલે એણે હળમાં એની માને જોડી હતી.



ઉંદર કણબીને કહે: ''અરે ભૂંડા! આ શું કરે છે? માને હળે જોડાતી હશે?''

કણબી કહે : ''ભાઈ, શું કરું? એક બળદ મરી

ગયો છે નેં બીજાના પૈસા નથી. ડોશીને જોડ્યા વિના ખેતર' કેમ ખેડાય ?''

ઉંદર કહે : ''લે ને ભાઈ! આ મારી ભેંશ! એ શા કામની છે? એને હળમાં જોડને, ડોશીમાને પોરો આપ.

કણબીએ તો ડોશીને બદલે ભેંશને હળમાં જોડી ને ખેડવા લાગ્યો.

થોડુંક ખેડયું ત્યાં તો ભેંશને તડકો લાગ્યો ને ભેંશ તે ભસ દઈને નીચે પડી ને મરી ગઈ.

ત્યાં તો ઉંદરભાઈ આવી પહોંચ્યા. આવીને કહે: ''મારી ભેંશ લાવ.''

કણબી કહે : ''ભાઈ! ભેંશ તો મરી ગઈ. હવે ક્યાંથી આપું ?''

ઉંદર કહે :

**''લાવ મારી ભેંશ,**
**નહિ તો ડોશી લઈને ભાગું;**
**લાવ મારી ભેંશ,**
**નહિ તો ડોશી લઈને ભાગું.''**

પછી ઉંદર ડોશીને લઈને ભાગ્યો.

ભાગતાં ભાગતાં એક ગામડાગામમાં આવ્યો. ચોરા પાસે બજાણિયા રમતા હતા. બજાણિયાનો એક છોકરો દોરડા ઉપર ચડીને નાચતો હતો ને કૂદતો હતો.

ત્યાં ઉંદરભાઈ જઈ પહોંચ્યા.

છોકરાને અદ્ધર ચાલતો જોઈ ઉંદર કહે: ''અરે ભાઈ! આટલા નાના છોકરાને તે કાંઈ મારી નાખવો છે? ઉપરથી પડશે તો સો યે વરસ પૂરાં થશે!''

બજાણિયા કહે: ''તે છોકરો ન નાચે ત્યારે શું તારી ડોશી નાચે?''



ઉંદર કહે: ''લે ને, ભાઈ મારી ડોશી. ચડાવ એને દોરડે; મારું શું જાય છે.

બજાણિયે તો ડોશીને દોરડે ચડાવી. ડોશીમાં

બિચારાં ધ્રૂજતાં ધ્રૂજતાં દોરડે ચડયાં પણ ડોશી કાંઈ દોરડા ઉપર નાચી શકે? ડોશીમાં તો ધબ થઈને હેઠે પડયાં, ને ત્યાં ને ત્યાં જ રામ શરણ થયાં!

ત્યાં તો ઉંદરભાઈ તૈયાર જ હતા. ઉંદર કહે: ''મારી ડોશીને કેમ મારી નાખી?''

બજાણિયો કહે: ''કેમ કેમ શું કરે છે? દોરડેથી ડોશી પડીને મરી ગઈ; એમાં હું શું કરું?''


ઉંદર કહે:

**''લાવ મારી ડોશી,**
**નહિ તો ઢોલકું લઈને ભાગું;**
**લાવ મારી ડોશી,**
**નહિ તો ઢોલકું લઈને ભાગું.''**

પછી ઉંદરભાઈ બજાણિયાનું ઢોલકું લઈને ભાગ્યાં. ભાગતાં ભાગતાં એક નાની એવી ટેકરી આવી. તેના ઉપર જઈને ભાઈ બેઠા ને ઢોલકું વગાડી ગાવા માંડયાં.

**ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ!**
**પૂંછડી સાટે વાંસલો લીધો;**
**ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ.**
**વાંસલા સાટે લાકડું લીધું;**
**લાકડા સાટે રોટલો લીધો;**
**ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ.**

રોટલો સાટે દોણું લીધું;
ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ.
દોણા સાટે ભેંશ લીધી;
ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ.
ભેંશ સાટે ડોશી લીધી;
ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ.
ડોશી સાટે ઢોલકું લીધું;
ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ.
ઢીંબ ઢીંબાંગ, ઢીબ ઢીંબાંગ,
ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ.



ઉંદરભાઈ તો લહેરથી ગાતા હતા ને વગાડતા હતા.

એક કાગડોભાઈ કૉકૉ કરતા આવ્યા ને ઉંદરભાઈને

પૂંછડીએ ઝાલી ઊંચે ઉપાડયા. પણ ઉંદરભાઈ તો તોય ઢોલકી વગાડતા ગયા ને ગાતા રહ્યા :

**ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ,**
**ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ !**
**ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ,**
**ઢીબ ઢીબાંગ, ઢીબ ઢીબાંગ !''**

